## બાળકોની કલાત્મક કૃતિઓ, તેજસ્વી વિદ્યાર્થીઓ અને વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર ગુરૂજનોનું કરાશે સન્માન

# અમરેલીમાં આજે નગર શિક્ષણ સમિતિ દ્વારા તમામ શાળાઓનો ચતુર્થ વાર્ષિકોત્સવ "ઉલ્લાસ (૪.૦)-૨૦૨૬"ની ભવ્ય ઉજવણી

અમરેલી, તા.૨૯

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમરેલી દ્વારા સંચાલિત તમામ શાળાઓના સંયુક્ત ઉપક્રમે ચતુર્થ વાર્ષિકોત્સવ 'ઉલ્લાસ (૪.૦)-૨૦૨૬'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ અતિ ઉત્સાહભર્યા વાર્ષિક મહોત્સવમાં શિક્ષણ સમિતિ હેઠળ ચાલતી બધી જ શાળાઓના નાના ભૂલકાઓથી લઈને તમામ બાળકો એક વિશાળ અને ભવ્ય મંચ પર પોતાની અવનવી કલાકૃતિઓ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરીને સૌને મંત્રમુગ્ધ કરશે. આ કાર્યક્રમ માત્ર સાંસ્કૃતિક પ્રસ્તુતિ પૂરતો સીમિત નથી, પરંતુ તેમાં વર્ષ દરમિયાન વિશિષ્ટ પ્રગતિ કરનારા પ્રતિભાશાળી રત્નોને પણ પ્રોત્સાહિત કરવામાં આવશે. જે તેજસ્વી વિદ્યાર્થીઓએ અભ્યાસ ઉપરાંત રમતગમત





તેમજ અન્ય સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓમાં તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ પ્રદર્શન કરીને શાળાનું નામ રોશન કર્યું છે, તેઓને આ મંચ પરથી વિશેષ રીતે સન્માનિત કરવામાં આવશે. આ ઉપરાંત, પાયાના શિક્ષણને મજબૂત બનાવતા અને બાળકોના ભવિષ્યને ઉજ્જવળ આકાર આપતા એવા શિક્ષણ સમિતિના કર્મનિષ્ઠ આચાર્યો તેમજ જે શિક્ષકોએ શિક્ષણ જગતમાં કોઈ વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તેઓનું પણ બહુમાન કરવામાં આવશે. શિક્ષણનું સ્તર વધુ ઊંચું આવે તેવા આશયથી દરેક વર્ગમાં પ્રથમ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓને પણ પ્રોત્સાહિત કરી બિરદાવવામાં આવશે. કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રના મહાનુભાવો, ઉત્સાહી વિદ્યાર્થીઓ, વાલીગણ સહિત શહેરના પ્રતિષ્ઠિત વેપારીઓ, તબીબો અને વકીલ મંડળના સભ્યો તેમજ અન્ય સામાજિક અગ્રણીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને બાળકોના ઉત્સાહમાં વધારો કરશે. સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે શિક્ષણ સમિતિના ચેરમેન તુષાર જોષી, વાઈસ ચેરમેન દામજી ગોલ તથા શાસનાધિકારી આશિષ જોષીના માર્ગદર્શન હેઠળ સમગ્ર સમિતિ પરિવાર, આચાર્યો અને શિક્ષકો રાત-દિવસ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે, તેમ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમરેલીના સંદીપ વામજાની યાદીમાં વિગતવાર જણાવવામાં આવ્યું છે.

# રાજુલાના દેવકામાં મુખ્યમંત્રીના હસ્તે છાત્રાલય અને ભોજનાલય બિલ્ડીંગનું લોકાર્પણ થશે

રાજુલા, તા.૨૯

રાજુલા પાસેનું દેવકા ગામ ભાગવતાચાર્ય રમેશભાઈ ઓઝા (ભાઈશ્રી)નું જન્મ સ્થળ અને વતન છે. ત્યાં દેવકા વિદ્યાપીઠ કાર્યરત છે, જેમાં સેંકડો વિદ્યાર્થી ભાઈ-બહેનો રહીને અભ્યાસ કરી રહ્યા છે. આ સંકુલમાં છાત્રાલય અને



ભોજનાલયના નવા બિલ્ડીંગ બનાવવામાં આવ્યા છે, જેનું લોકાર્પણ બુધવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, અમરેલી જિલ્લાના તમામ ધારાસભ્યો, મંત્રી રીવાબા જાડેજાની ઉપસ્થિતિમાં થશે. આ પ્રસંગે રમેશભાઈ ઓઝા, ચાપરડા વિદ્યા સંકુલના સ્થાપક તેમજ સંત સમાજના પ્રમુખ મુક્તાનંદજી બાપુ વગેરે સંતો મહંતો ઉપસ્થિત રહેશે. વ્રજ ભાગીરથી ચેરીટેબલ ટ્રસ્ટના નેજા હેઠળ આ સંસ્થાનું સંચાલન થઈ રહ્યું છે. મુખ્યમંત્રીના આગમનને લઈને રાજુલામાં તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

# મોટા મુંજીયાસરમાં 'મન કી બાત' અને ટિફિન બેઠક યોજાઈ

અમરેલી, તા.૨૯

મોટા મુંજીયાસર ગામ ખાતે આવેલી માંડણ પીરની પવિત્ર જગ્યાએ "મન કી વાત" કાર્યક્રમ તેમજ ટિફિન બેઠકનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રદેશ કક્ષાના વક્તા તરીકે ભાવનાબેન ગોંડલીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે ભાજપના હોદ્દેદારો અને કાર્યકરોએ એકત્રિત થઈ વડાપ્રધાનના સંબોધનને સાંભળ્યું હતું અને



ત્યારબાદ સંગઠનાત્મક ચર્ચા કરી હતી. આ કાર્યક્રમમાં બગસરા તાલુકા ભાજપ પ્રભારી સુરેશભાઈ ગમારા, તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર અને મહામંત્રી પ્રકાશભાઈ પરમાર હાજર રહ્યા હતા. આ ઉપરાંત, તાલુકા પંચાયતના પ્રમુખ બાબુભાઈ બકરાણીયા, ઉપપ્રમુખ હસમુખભાઈ બાબરીયા, સદસ્ય વિપુલભાઈ ભેસાણીયા તેમજ બગસરા માર્કેટિંગ યાર્ડના ચેરમેન કાંતિભાઈ વેકરીયાએ પણ ઉપસ્થિતિ રહ્યા હતા. સમગ્ર આયોજન દરમિયાન બગસરા તાલુકા ભારતીય જનતા પાર્ટીના તમામ હોદ્દેદારો અને સ્થાનિક આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ટિફિન બેઠક દ્વારા કાર્યકરો વચ્ચે પરસ્પર સંવાદ અને ભાઈચારો વધે તેવા હેતુ સાથે આ કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

# અમરેલીમાં નવા નંબર સિરીઝ માટે ઈ-ઓક્શન શરૂ : ૧ થી ૫ એપ્રિલ સુધી અરજી કરી શકાશે

અમરેલી, તા.૨૯

અમરેલી એ.આર.ટી.ઓ દ્વારા મોટરસાઈકલ માટે નવી **GJ-14 BM 0001 થી 9999** નંબર સિરીઝ માટે ઈ-ઓકશન પ્રક્રિયા જાહેર કરવામાં આવી છે.

ઈચ્છુક અરજદારો એક એપ્રિલ ૨૦૨૬ સાંજે ૪ વાગ્યાથી ૫ એપ્રિલ સાંજે ૪ વાગ્યા સુધી ઓનલાઈન અરજી કરી શકશે. બિડિંગ પ્રક્રિયા ૫ એપ્રિલ સાંજે ૪ વાગ્યાથી શરૂ થઈ ૭ એપ્રિલ સાંજે ૪ વાગ્યા સુધી ચાલશે, જ્યારે પરિણામ પણ ૭ એપ્રિલે જાહેર કરવામાં આવશે. અરજદારે **Parivahan Protal** પર નોંધણી કરી યુઝર આઈડી પાસવર્ડ બનાવી પ્રક્રિયામાં જોડાવું પડશે. વાહન ખરીદી પછી ૭ દિવસમાં ફોર્મ ભરવું જરૂરી રહેશે અને ૫ દિવસમાં ચુકવણી ન થાય તો રકમ જપ્ત થઈ શકે છે. આરબીઆઈના નિયમ મુજબ ચાર્જ લાગશે. સફળ અરજદારોને એસએમએસ અથવા ઈમેલથી જાણ કરવામાં આવશે, જ્યારે નિષ્ફળ અરજદારોને નાણા પરત કરવામાં આવશે.

# પીપાવાવમાં ભાજપ દ્વારા મન કી બાત અને ટિફિન મીટિંગ કાર્યક્રમ યોજાયો

રાજુલા, તા.૨૯

વિશ્વવિખ્યાત પીપાવાવ પોર્ટ જેમના નામ પરથી ઓળખાય છે એવા પૂજ્ય પીપા ભગતના ધામ અને ભગવાન રણછોડરાયના સાનિધ્યમાં ભાજપ દ્વારા પીપાવાવ મુકામે "મન કી બાત" અને "ટિફિન મીટિંગ" કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમના અધ્યક્ષ ગુજરાત નિયંત્રિત યાર્ડના ચેરમેન જીગ્નેશભાઈ પટેલે પીપાવાવની



તસવીર : ગોપાલ રાઠોડ

પવિત્ર ભૂમિ પરથી આવનારી સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીના શ્રી ગણેશ કર્યા અને કાર્યકર્તાઓને સજ્જ રહી કાર્યમાં લાગી જવા આહ્‌વાન કર્યું. સાથે જ સરકારની યોજનાઓ દ્વારા કરવામાં આવેલ કામગીરી દરેક ઘેર-ઘેર પહોંચે તે માટે આગામી દિવસોમાં સચોટ આયોજન કરવા માર્ગદર્શન આપ્યું. આ તકે તાલુકા પંચાયત પ્રમુખ ધીરજભાઈ પુરોહિત, વનરાજભાઈ વરુ શહેર પ્રમુખ, ધીરજભાઈ નકુમ તાલુકા ભાજપ પ્રમુખ, સાગરભાઈ સરવૈયા જિલ્લા બક્ષીપંચ મોરચા પ્રમુખ, વિક્રમભાઈ શિયાળ જિલ્લા પંચાયત સદસ્ય, પ્રતાપભાઈ બેપારીયા, કનુભાઈ ધાખડા વાવેરા, મંગલુભાઈ ધાખડા સરપંચ ભાક્ષી, અનબભાઈ ધાખડા સરપંચ વાવડી, મુકેશભાઈ ગુજરીયા મહામંત્રી, કનુભાઈ કામળિયા બર્બટાણા સરપંચ, કિશોરભાઈ રેણુકા, હેમલભાઈ વસોયા ચેરમેન નગરપાલિકા, કનુભાઈ ધાખડા નગરપાલિકા સદસ્ય વગેરે બહોળી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલા પોલીસ દ્વારા જનસંપર્ક સભા યોજાઈ : નાગરિકોને નિર્ભય બનવા અપીલ

રાજુલા, તા.૨૯

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાટના માર્ગદર્શન હેઠળ જિલ્લાભરમાં યોજાતી જનસંપર્ક સભાઓના ભાગરૂપે રાજુલા પોલીસ સ્ટેશન ખાતે એક વિશેષ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજુલા પોલીસ સ્ટેશનના પી.આઈ. કોલાદરાના



નેતૃત્વમાં યોજાયેલી આ સભામાં શહેરના અગ્રણી વેપારીઓ, વિવિધ સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આ સભાનો મુખ્ય હેતુ વ્યાજખોરીના દૂષણને ડામવાનો અને લોકોને જાગૃત કરવાનો હતો. પી.આઈ. કોલાદરાએ ખાસ ભાર મૂકતા જણાવ્યું હતું કે, જો કોઈ પણ વ્યક્તિએ વ્યાજે નાણાં લીધા હોય અને ત્યારબાદ વ્યાજખોરો દ્વારા હેરાનગતિ કરવામાં આવતી હોય, તો તેઓએ ડર્યા વગર પોલીસનો સંપર્ક કરવો જોઈએ.

# અમરેલીમાં 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ: સિટી પોલીસે અરજદારનો ગુમ થયેલ મોબાઈલ શોધી મૂળ માલિકને સોંપ્યો

અમરેલી, તા.૨૯

પોલીસ દ્વારા જિલ્લામાં નાગરિકોની ગુમ થયેલ મિલકત સત્વરે શોધી મૂળ માલિકને પરત કરવા માટે "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ અમલી બનાવવામાં આવ્યો છે. જેના ભાગરૂપે કામગીરી કરી અરજદારનો ગુમ થયેલ મોબાઈલ શોધી મૂળ માલિકને સોંપ્યો હતો. ઘટનાની વિગત મુજબ, વિઠ્ઠલપુર (તા.જિ. અમરેલી) ના રહેવાસી લાલજીભાઈ જીતુભાઈ મકવાણા ગત તારીખ ૨૮/૦૩/૨૦૨૬ ના રોજ અમરેલી જિલ્લા પંચાયત રોડ પર નાગનાથ




સર્કલ પાસે મજૂરી કામ માટે આવ્યા હતા. આ દરમિયાન તેમનો મોબાઈલ ફોન ક્યાંક પડી ગયો હતો. આ અંગેની જાણ થતાં અમરેલી સીટી પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમે હ્યુમન સોર્સની મદદથી તપાસ હાથ ધરી હતી. પોલીસ ટીમે ટૂંકા ગાળામાં જ લાલજીભાઈનો ગુમ થયેલ **Oppo** કંપનીનો **A16ep** મોડેલનો મોબાઈલ ફોન (કિંમત રૂ.૮,૦૦૦/-) શોધી કાઢ્યો હતો. પોતાની કિંમતી મિલકત પરત મળતા શ્રમિક પરિવારે પોલીસની કામગીરી બિરદાવી આભાર વ્યક્ત કર્યો હતો.









# અમરેલી જિલ્લાના ખાંભા પંથકમાં ૩.૧ ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો : ગ્રામજનોમાં ફફડાટ

અમરેલી, તા.૨૯



અમરેલી જિલ્લામાં ફરી એકવાર ભૂકંપનો આંચકો અનુભવાયો છે, જેના કારણે સ્થાનિક લોકોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. રવિવારે બપોરે ૪:૧૦ વાગ્યે આ પંથકમાં ૩.૧ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો હતો. આ આંચકો મુખ્યત્વે ખાંભા ગીર વિસ્તારના નાના વિસાવદર, નાની ધારી, ઈંગોરાળા અને અણિડા સહિતના આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વધુ અનુભવાયો હતો. ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજિકલ રિસર્ચ (ISR) દ્વારા આપવામાં આવેલી સત્તાવાર માહિતી મુજબ, આ ભૂકંપનું કેન્દ્રબિંદુ અમરેલી શહેરથી આશરે ૪૬ કિલોમીટર દૂર દક્ષિણ-દક્ષિણ પશ્ચિમ દિશામાં નોંધાયું હતું. સદભાગ્યે, આ હળવા ભૂકંપના કારણે હજુ સુધી કોઈ જાનહાનિ કે મોટા માલસામાનના નુકસાનના અહેવાલો પ્રાપ્ત થયા નથી, જે ખૂબ જ રાહતના સમાચાર છે. જોકે, છેલ્લા એક અઠવાડિયામાં આ પંથકમાં વારંવાર નાના-મોટા ભૂકંપના આંચકાઓ આવી રહ્યા હોવાથી ગ્રામજનોમાં ભારે ભય અને ફફડાટ વ્યાપેલો છે. ખાંભાથી લઈને સાવરકુંડલા સુધીના ફોલ્ટ લાઈન ધરાવતા ગ્રામ્ય વિસ્તારોમાં ભૂકંપના હળવાથી ભારે આંચકા અવારનવાર આવતા રહેતા હોવાના લીધે સ્થાનિક વહીવટી તંત્ર તેમજ લોકો હવે વધુ સતર્ક અને સાવચેત બની ગયા છે.

# દામનગર આરોગ્ય કેન્દ્રમા ECG અને કોલેસ્ટ્રોલ ટેસ્ટ મશીન ન હોવાથી દર્દીઓ મુશ્કેલીમાં

દામનગર, તા.૨૯



દામનગરના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ડોક્ટરો અને સ્ટાફ દ્વારા યોગ્ય સારવાર આપવામાં આવતી હોવા છતાં જરૂરી તબીબી સાધનોના અભાવે દર્દીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને ECG (કાડિયોગ્રામ) અને કોલેસ્ટ્રોલ ચકાસણી માટેના મશીનો ઉપલબ્ધ ન હોવાથી તાત્કાલિક સારવારમાં વિલંબ થતો હોવાની ફરિયાદો ઉઠી રહી છે. માહિતી મુજબ, રાત્રિના સમયે કોઈ દર્દીને અચાનક છાતીમાં દુખાવો થાય તો ECG સુવિધા ના હોવાથી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેને અમરેલી સિવિલ હોસ્પિટલ ખસેડવો પડે છે. ઘણી વખત ત્યાં પહોંચ્યા બાદ રિપોર્ટ સામાન્ય આવતો હોવાથી દર્દીઓને અનાવશ્યક દોડધામ કરવી પડે છે. સ્થાનિક લોકો માંગ કરી રહ્યા છે કે તાત્કાલિક આ મશીનો ઉપલબ્ધ કરાવવામાં આવે. સાથે જ જનકભાઈ તળાવીયા, કૌશિકભાઈ વેકરિયા અને ભરતભાઈ સુતરીયાને પણ રજૂઆત કરવામાં આવી છે.

## રાજુલાના ધુડીયા આગરીયા ગામેથી ત્રણ ખેલી ઝડપાયા

રાજુલા, તા.૨૯

રાજુલાના ધુડીયા આગરીયા ગામેથી ત્રણ ખેલી ઝડપાયા હતા. બાપા-સીતારામના ઓટા પાસે આતુભાઈ કુંભારના મકાનની બાજુમાંથી ભુપતભાઈ બાબુભાઈ શિયાળ, હરીભાઈ કરશનભાઈ વણઝર તથા રવીભાઈ પ્રેમજીભાઈ ધાધલ ગંજીપત્તાના પાના તથા પૈસા વડે હારજીતનો તીનપત્તીનો જુગાર રમતાં રોકડા ૬૫૦ સાથે પકડાયા હતા.

# લાઠીમાં કોંગ્રેસ ચૂંટણી માટે સક્રિય : પરેશ ધાનાણી અને પ્રતાપ દુધાતે કાર્યકરો સાથે બેઠક યોજી

અમરેલી, તા.૨૯




અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલા રાજકીય ચહલપહલ વધી રહી છે. કોંગ્રેસ પક્ષે તાલુકા સ્તરે બેઠકો યોજીને તૈયારીઓ તેજ કરી છે. પૂર્વ વિપક્ષ નેતા પરેશ ધાનાણી અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાત કાર્યકરો સાથે સંવાદ કરી રહ્યા છે. આ બેઠકોમાં સંગઠન મજબૂત બનાવવું, રાજકીય પરિસ્થિતિ અને સામાજિક પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી રહી છે. મોટાભાગના તાલુકાઓમાં બેઠકો પૂર્ણ થવા આવી ગઈ છે. ભુરખિયા ખાતે યોજાયેલી બેઠકમાં મહિલા કોંગ્રેસ નેતા જેની ઠુંમર અને વીરજી ઠુંમર સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન કાર્યકરો પાસેથી ચૂંટણી કેવી રીતે લડવી અને પક્ષ આગળ કેવી રીતે વધવું તેના મુદ્દે સૂચનો લેવાયા હતા. બીજી તરફ ભાજપ અને આમ આદમી પાર્ટી પણ પ્રચારમાં સક્રિય બનતા રાજકીય માહોલ ગરમાયો છે.

# ખાંભામાં આર્થિક પછાત પરિવારો માટે પ્રથમ વખત નિઃશુલ્ક લેબોરેટરી ટેસ્ટ અને રિપોર્ટ કેમ્પ યોજાયો

ખાંભા, તા.૨૯




મૂળ ખાંભાના અને હાલ અમેરિકા સ્થિત દાતા સલીમભાઈ બોઘાણીના આર્થિક સહયોગ તેમજ સ્થાનિક સેવાયજ્ઞ ગ્રુપના યુવાનોના સંયુક્ત ઉપક્રમે રવિવારે સહજાનંદ ગુરુકુળ હોલ ખાતે આર્થિક પછાત પરિવારો માટે વિનામૂલ્યે લેબોરેટરી ટેસ્ટ અને રિપોર્ટ કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં બ્લડ આધારિત અંદાજે ૩૦ જેટલા વિવિધ ટેસ્ટ કરવામાં આવ્યા હતા, જેનો ૧૫૦ જેટલા ભાઈઓ-બહેનોએ લાભ લીધો હતો. આ પ્રસંગે પૂજ્ય સંતો, ધારાસભ્ય જે. વી. કાકડીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી સહિત વિવિધ પક્ષોના હોદ્દેદારો અને જ્ઞાતિ અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે દાતાશ્રી તેમજ સેવાયજ્ઞ ગ્રુપની સેવાકીય કામગીરીને બિરદાવી હતી.

# ચિતલમાં ૧૨૭મો નેત્ર યજ્ઞ યોજાયો: ૨૯ દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે રાજકોટ ખસેડાયા

અમરેલી, તા.૨૯



વિદ્યા ભારતી ટ્રસ્ટ ચિત્તલ અને રણછોડદાસ હોસ્પિટલ રાજકોટના સંયુક્ત ઉપક્રમે ચિતલ ખાતે ૧૨૭મો નેત્ર યજ્ઞ યોજાયો હતો. આ કેમ્પ સ્વ. દિલીપભાઈ બોઘાણીની સ્મૃતિમાં દીપકભાઈ મકાણી (દહીડાવાળા)ના સહયોગથી આયોજિત કરવામાં આવ્યો હતો. અમરેલી જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ સુરેશભાઈ પાથરની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમનું ઉદ્ઘાટન રામજી મંદિર દહીડાના પુજારી વિનુ બાપુના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમરેલી તાલુકા પંચાયતના ચેરમેન જે.બી. દેસાઈ સહિતના મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. નેત્ર યજ્ઞ દરમિયાન કુલ ૧૦૦ જેટલા દર્દીઓની આંખોની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી ૨૯ દર્દીઓને મોતિયાના ઓપરેશનની જરૂર જણાતા તેમને વધુ સારવાર અને ઓપરેશન માટે રાજકોટ લઈ જવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સંસ્થાના પ્રમુખ ઈતેશભાઈ મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું. આ સેવાકીય કેમ્પને સફળ બનાવવા માટે દિનેશભાઈ મેશિયા, બકુલભાઈ ભીમાણી, છગનભાઈ કાછડીયા, રાણાભાઈ, જીતુભાઈ વાઘેલા, કેશુભાઈ દેસાઈ, બધાભાઈ સોલંકી, રવજીભાઈ બાબરીયા, સવજીભાઈ વાઘેલા, ચંદુભાઈ રાદડિયા, રામભાઈ અસલાલીયા અને જે.પી. માંગરોળીયા સહિતના કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## અવસાન નોંધ

**રાજકોટ**

સ્વ.લક્ષ્મણભાઈ ગાંડાભાઈ ભરડવા (ઉ.વ.૯૫) તા.૨૮-૦૩-૨૦૨૬, શનિવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. તેઓ નરેન્દ્રભાઇ તથા મહેશભાઇના પિતા તથા ગોપાલ અને સુમિતના દાદા થાય છે. તેમનું બેસણું તા.૩૦-૦૩-૨૦૨૬, સોમવારે સાંજે ૫ થી ૭- નાગેશ્વર મહાદેવ મંદિર, બાબરિયા કોલોની, અયોધ્યા સોસાયટીમાં રાખેલ છે.

**સાવરકુંડલા**

વાંઝા દરજી ગો.વા. રસિકભાઈ ગોકળદાસ ભરખડા.(ઉ.વ.૮૮) નું તા ૨૮/૦૩/૨૦૨૬ને શનિવારના અવસાન થયેલ છે. તેઓ રજનીભાઈ, કિશોરભાઈ, અખિલભાઇ, ઇલાબેનના પિતાશ્રી થાય છે. સદગતનું બેસણું તા.૩૦/૦૩/૨૦૨૬ને સોમવારના રોજ સાંજના ૪:૦૦થી ૬:૦૦ શ્રી વાંઝા જ્ઞાતિની વાડી, પોસ્ટ ઓફિસ રોડ, નાવલી પોલીસ ચોકી પાસે, ઉપરનો વિભાગ, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**અમરેલી**

સ્વ. હસમુખરાય કાન્તિલાલ ઠાકર (ઉ.વ.૭૬) નિવૃત તલાટી કમ કમ મંત્રીનું તા.૨૯/૩/૨૦૨૬ના રોજ અવસાન થયેલ છે. તે મનીષભાઈ ઠાકર ડી.વાય એસ પી ભાવનગર સંદીપ ભાઈ ઠાકર અને અમિતભાઈ ઠાકર અ જી મ.બેન્ક કર્મચારીના પિતાશ્રી થાય છે. સદગતનું બેસણું સોમવારે બપોરે ૪:૦૦થી ૭:૦૦ કલાક સુધીમાં જડેશ્વર નગર, સોસાયટી હનુમાન પરા અમરેલી રાખવામાં આવેલ છે





# લાઠીમાં શહેર ભાજપ દ્વારા "મન કી બાત ટિફિન કે સાથ" કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો

લાઠી, તા.૨૯



લાઠી શહેર ભાજપ પરિવાર દ્વારા "મન કી બાત ટિફિન કે સાથ" કાર્યક્રમનું આયોજન એપીએમસી લાઠી ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ કાર્યકર્તાઓએ એકસાથે બેસીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના લોકપ્રિય 'મન કી બાત' રેડિયો કાર્યક્રમનો એપિસોડ સાંભળ્યો હતો. આ પ્રસંગે જિલ્લા ભાજપના ઉપાધ્યક્ષ દિપકભાઈ વઘાસીયા મુખ્ય વક્તા તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પ્રધાનમંત્રીના પ્રેરણાદાયી વિચારોમાંથી પ્રેરણા લેવાની જરૂરિયાત પર વિશેષ ભાર મૂક્યો હતો અને સંગઠનને વધુ મજબૂત કરવા માટે ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમમાં લાઠી શહેર ભાજપ પ્રમુખ ધર્મેશ સોની, સંગઠન પ્રભારી ઘનશ્યામભાઈ સાવલિયા સહિત સંગઠનના હોદ્દેદારો અને નગરપાલિકાના સદસ્યો હાજર રહ્યા હતા.




## નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર, આશિયા રફીકભાઈ હૂનાણી મારૂ જૂનું નામ :- આશિયા રફીકભાઈ થી બદલીને નવું નામ :- આશિયા રફીકભાઈ હૂનાણી કરવામાં આવ્યું છે. તેથી હું આશિયા રફીકભાઈ હૂનાણી તરીકે ઓળખાવ છું.

સહી : આશિયા રફીકભાઈ હૂનાણી

સરનામું : પાળિયાઘર શેરી, બસ સ્ટેન્ડ પાછળ, સિહોર, ભાવનગર, ગુજરાત-૩૬૪૨૪૦




## -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૯૦/૨૦૨૬ તા.૧૭/૦૩/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. વાલજીભાઈ મનજીભાઈ માંગુકિયા
રહે.બાઢડા, તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી, બાઢડા, તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી ચંદ્રિકાબેન વાલજીભાઈ માંગુકિયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૭ ના રોજ મુ.બાઢડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૩૦/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

## જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર ડી.એસ. અમરેલીયા, એડવોકેટ એન્ડ નોટરી રહે. અમરેલીના જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, મોજે ગામ : પીઠવાજાળ, તા. અમરેલી, જી. અમરેલી ગુજરાત રાજય તે ગામની ખેતીની જમીનો ખેડ ખાતા નં.૯૫, રે.સ.નં. ૨૧ પૈ.૧, હે.આ.ચો.મી. ૧-૧૭-૭૩, વાળી જમીનના માલીક (૧) લાભુબેન બાબુભાઈ દેસાઈ, (૨)સુરેશભાઈ બાબુભાઈ દેસાઈ (૩) ભારતીબેન બાબુભાઈ દેસાઈ રહે બધા, પીઠવાજાળ, તથા પીઠવાજાળના ખેડ ખાંતા નં.૯૬, રે.સ.નં.૨૧ પૈ.૨, હે.૧-૧૭-૩૩,ના માલીક (૧) દેસાઈ જયસુખભાઈ વિરજીભાઈ રહે. પીઠવાજાળ તેમજ પીઠવાજાળ ખાતા ન.૯૭, રે.સ.નં.૨૧ પૈ.૩, હે. ૧-૧૭-૭૩, રહે. બધા, પીઠવાજાળ, તા.જિ. અમરેલીવાળા પાસેથી અમારા અસીલ ચાંચડીયા રમેશભાઈ વિઠ્ઠલભાઈ રહે. સરધાર, જિ. રાજકોટવાળાએ સદરહું જમીન ખરીદવા માંગે છે. આથી જાહેર નોટીસ આપી જાહેર જનતાને તથા લાગતા વળગતા સર્વોને જણાવવાનુ કે, સદરહું ખેતીની જમીન બાબતમા હરકોઈને કશો લાગભાગ, હકક હિત કે હિસ્સો હોય અગર તો કોઈને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર કે કોઈપણ પ્રકારનુ સરકારી, સહકારી બેન્ક, મંડળી કે અન્ય ખાનગી વ્યકિતનું કોઈપણ લ્હેણુ બાકી હોય તે અગર અન્ય બીજા કોઈ માલીકી હકક દાવા, ગણોત હકક હોય તો તે અંગેના જરૂરી તમામ દસ્તાવેજ આધાર પુરાવા સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૧૦ મા નીચે લખેલ સરનામે લેખીતમાં રજી.પોસ્ટ એ.ડી.થી મોકલવા જણાવવામા આવે છે.

જો તેમ કરવામાં કસુર થશે તો કોઈના કોઈપણ પ્રકારનો વાંધો નથી અને અથવા આવા હકકો હોય તો તે જતા કર્યા છે એટલે કે વેવ કરેલ છે તેમ ગણી મુદત વિત્યે અમારા અસીલ ઉપરોકત વિગતને ખેતીની જમીન ખરીદ કરવા સોદો ચોકકસ કરી અને તેને કાયદેસરનો પાકો અઘાટ વેચાણ દસ્તાવેજ કરાવી લઈ નોંધાવી લેશે તેની સ્પષ્ટ નોંધ લેવા વિનંતી છે. મુદત બાદ આવેલ કોઈપણ વાંધા તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની આ જાહેર લાગતા વળગતા સર્વોએ નોંધ લેવા વિનંતી છે.

તે અમારા અસીલની સૂચનાથી

સ્થળ : અમરેલી,
તારીખ : ૨૮/૩/૨૦૨૬

(ડી. એચ. અમરેલીયા)
એડવોકેટ (જી.૨૦૬૨/૨૦૦૩)
જી.૪૧ (એ) સરદાર શોપીગ સેન્ટર,
જિલ્લા પંચાયત સામે, અમરેલી.
મો.નં. ૮૧૨૮૯ ૭૫૩૩૧

# અમરેલીમાં ચિતલ રોડ પર અજાણ્યા ફોરવ્હીલ ચાલકે બાઈક સવારને હડફેટે લીધો

અમરેલી, તા.૨૯

અમરેલી શહેરના ચિતલ રોડ પર આવેલા ૬૬ KV સબ સ્ટેશન પાસે એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. પુરપાટ ઝડપે આવતી એક અજાણી ફોરવ્હીલ ગાડીના ચાલકે બાઈક સવાર આધેડને જોરદાર ટક્કર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી નાસી છૂટ્યો હતો. આ અંગે ભારતીબેન રાહુલભાઈ જોષી (ઉં.વ.૩૫)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના પતિ જ્યારે અમરેલીથી ચિતલ તરફ જઈ રહ્યા હતા, ત્યારે ચિતલ રોડ પર ૬૬ KV સબ સ્ટેશનની આગળ આ અકસ્માત સર્જાયો હતો. કોઈ અજાણ્યા ફોરવ્હીલ ચાલકે પોતાની ગાડી બેફિકરાઈ અને ગંભીર બેદરકારીથી ચલાવી મોટરસાયકલ સાથે ભટકાવી દીધી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે તેમના પતિને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જ્યા બાદ માનવતા દાખવવાને બદલે અજાણ્યો ચાલક પોતાની ગાડી લઈને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી ડી અમરેલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

**ગંભીર ઈજાઓ પહોંચાડી ચાલક ફરાર**

# અમરેલી જિલ્લામાં અચાનક વાતાવરણમાં પલટો: કમોસમી વરસાદથી ખેડૂતોમાં ચિંતાનો માહોલ

અમરેલી, તા.૨૯



તસવીર : સૌરભ દોશી

હવામાન વિભાગની આગાહી બાદ અમરેલી જિલ્લાના વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો છે. ખાંભા ગીર પંથકના જીક્યાળી, ધજડી અને વાંકિયા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં કમોસમી વરસાદી ઝાપટાં નોંધાયા હતા. આ અણધાર્યા વરસાદના કારણે વાતાવરણમાં ક્ષણિક ઠંડક તો પ્રસરી ગઈ હતી, પરંતુ ભર ઉનાળામાં ખાબકેલા આ કમોસમી વરસાદથી જગતના તાત એવા ખેડૂતોમાં ભારે ચિંતા જોવા મળી રહી છે. ખાસ કરીને આ પંથકમાં મુખ્ય ગણાતા કેરી, તલ અને બાજરી જેવા ઉનાળુ પાકોને મોટા પાયે નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો અગાઉ પણ ભારે પવન સાથે વરસાદ તૂટી પડતા મીની વાવાઝોડા જેવી ભયાનક સ્થિતિ સર્જાઈ હતી, જેના કારણે જિલ્લાના અનેક ખેડૂતોના ઊભા પાકને નુકસાન થયું હતું. ત્યારે ફરીથી ખાબકેલા આ કમોસમી વરસાદના કારણે ખેડૂતોની ચિંતા વધુ ઘેરી બની છે અને તેઓ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

# અમરેલીના સેવાભાવી યુવાન ભાવેશ કાબરીયાના દુ:ખદ અવસાનથી ઘેરા શોકની લાગણી

અમરેલી, તા.૨૯



અમરેલીના સેવાભાવી યુવક ભાવેશભાઈ કાબરીયાના અકાળે નિધનથી ચકચાર મચી ગઈ હતી. વર્ષોથી અમરેલીની જુદી-જુદી સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલા ભાવેશભાઈ કાબરીયાના નિધનથી સમગ્ર પંથકમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે. તેમની સ્મસાન યાત્રામાં મોટી સંખ્યામાં રાજકીય અને સામાજિક આગેવાનો જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે ભાવેશભાઈ અમરેલી શહેર વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ તરીકે સેવા આપતા હતા. સદ્ગતનું બેસણું આજે તેમના નિવાસ્થાને રાખેલ છે.

# સાવરકુંડલા તાલુકા પંચાયત કચેરી ખાતે સૌપ્રથમ 'ગ્રામહાટ' ખુલ્લો મુકાયો

અમરેલી,તા.૨૯



અમરેલી જિલ્લાના ગ્રામીણ વિકાસ અંતર્ગત સાવરકુંડલા તાલુકા પંચાયત કચેરી ખાતે સૌપ્રથમ 'ગ્રામહાટ'નું ભવ્ય અનાવરણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાળા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ વિશેષ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય સ્વ-સહાય જૂથની બહેનો દ્વારા નિર્મિત વસ્તુઓને યોગ્ય બજાર અને મંચ પૂરું પાડવાનો છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી એટલે કે **DRDA** દ્વારા **NRLM** યોજના હેઠળ છેવાડાના ગામડાની બહેનોને આર્થિક રીતે પગભર બનાવવા માટે આ સરાહનીય પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. અહીં બહેનોના હસ્તકલા અને કૌશલ્યને સીધું જ ગ્રાહકો સુધી પહોંચવાની તક મળશે, જેનાથી વચેટિયાઓની પ્રથા દૂર થશે અને મહિલાઓ આત્મનિર્ભરતા તરફ કદમ વધારશે. અનાવરણના આ ગૌરવશાળી પ્રસંગે જિલ્લા અને તાલુકાના વિવિધ પદાધિકારીઓ તેમજ અધિકારીઓની હાજરી સાથે મોટી સંખ્યામાં ગ્રામીણ મહિલાઓ ઉત્સાહભેર સહભાગી થઈ હતી.

# ચલાલાના નવા ચરખા ગામે મધરાતે લપાતા-છુપાતા રખડતા શખ્સને પોલીસે ઝડપી પાડ્યો

ચલાલા, તા.૨૯

ચલાલાના નવા ચરખા ગામે મોડી રાત્રે કોઈ મોટી ચોરી કે મિલકત વિરુધ્ધનો ગુનો કરવાના ઈરાદે ભટકતા એક શંકાસ્પદ શખ્સને પોલીસે ઝડપી પાડ્યો હતો. શખ્સ પાસેથી કોઈ સંતોષકારક ખુલાસો ન મળતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જુના ચરખા ગામનો આનંદ પોપટભાઈ કારોડીયા (ઉ.વ.૨૧) નવા ચરખા ગામે રાત્રિના અંધકારનો લાભ લઈ શંકાસ્પદ રીતે હિલચાલ કરી રહ્યો હતો. પોલીસ પેટ્રોલિંગ દરમિયાન આ શખ્સ લપાતો-છુપાતો અને રખડતો હાલતમાં મળી આવ્યો હતો. પોલીસને જોતા જ તેણે પોતાની હાજરી અંગે કોઈ યોગ્ય કારણ કે સંતોષકારક જવાબ આપ્યો ન હતો. જેથી તેની અટકાયત કરવામાં આવી હતી. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર એ સિંધવ વધુ તપાસ કરી રહ્યા છે.

# બ્રહ્માકુમારીઝ દ્વારા પાંચ દિવસીય ગીતા જ્ઞાન અમૃતપાનનું આયોજન

અમરેલી, તા.૨૯




અમરેલીમાં જેસીંગપરા ખાતે બ્રહ્માકુમારીઝ દ્વારા ''શ્રીમદ ભગવત ગીતા જ્ઞાન સપ્તાહ -જીવનનો આધાર ગીતાનો સાર'' પાંચ દિવસીય ગીતા જ્ઞાન અમૃતપાન રાજયોગીની બ.કુ. કિંજલદીદી કરાવી રહ્યા છે. જેસીંગપરામાં નીલકંઠ ચોક ખાતે તા.૨૭ માર્ચ થી ૩૧ માર્ચ સુધી દરરોજ રાત્રીના ૮.૩૦ થી ૧૦.૩૦ વાગ્યા સુધી આ આયોજન કરવામાં આવ્યું છે. આ ગીતા જ્ઞાન સપ્તાહનો પ્રારંભ બ્રહ્માકુમારીના મુખ્ય સંચાલિકા ગીતાદીદી સાનિધ્યમાં, જિલ્લા વિકાસ અધિકારી તથા જેસીંગપરાના અગ્રગણ્ય નાગરિકોની બહોળી હાજરીમાં દિપ પ્રજવલન ધ્વારા કરવામાં આવેલ. પ્રથમ દિવસેજ ૫૦૦ થી વધારે ભાઈ બહેનોએ ઉપસ્થિત રહી ગીતા જ્ઞાનનું અમૃતપાન કર્યું હતું.

# ચિત્તલ ગામેથી ૭ શકુની રોકડા રૂ. ૧૧,૭૦૦ સાથે ઝડપાયા

**અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ**

અમરેલી, તા.૨૯

ચિત્તલ ગામેથી પોલીસે ૭ જુગારીને રોકડા રૂ. ૧૧,૭૦૦ સાથે ઝડપી પાડ્યા હતા. ચિતલ ગામે વોરાવાડ ગાંધી વાલ્મીકી વાસ પાસેથી મનુસિંહ કલ્યાણસિંહ બસન, શરદભાઈ જગુભાઈ જેઠવા, દિલીપભાઈ ચંદુભાઈ જસાણી, કિરીટભાઈ કાળુભાઈ લીંબાણી, સજાદભાઈ સાહીલભાઈ શેતા, હરેશભાઈ રાઘવભાઈ મકવાણા તથા ઈમરાનભાઈ સીદુભાઈ ગાગદાણી હારજીતનો તીનપત્તીનો જુગાર રમી રમતાં રેઈડ દરમિયાન રોકડા રૂ.૧૧,૭૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે કે વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# વિશ્વ શાંતિ માટે જાફરાબાદના વિવિધ ગામોમાં સ્વામિનારાયણ ધૂનનું આયોજન

જાફરાબાદ, તા.૨૯



ભગવાન શ્રી સ્વામિનારાયણનો આ પૃથ્વી ઉપર અવતાર ધારણ થયો તેના ૨૪૫ વર્ષ પૂર્ણ થયા છે. સાથે વિશ્વમાં જે મહાયુધ્ધ ચાલી રહ્યું છે તે વહેલી તકે બંધ થાય અને વિશ્વમાં શાંતિ સ્થપાય તે નિમિત્તે ૨૭/૩/૨૦૨૬ના રોજ વિવિધ ગામોમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ દ્વારા ૨૪૫ કલાકની ધૂન-ભજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગામોમાં ઉના, ટીંબી, છેલણા, હેમાળ, ખાલસા કંથારીયા, નવી કાતર, જુની કાતર, મોટા બારમણ, પીછડી, પાણખાણ, મોટા સમઢિયાળા, વડલી, આત્સંગ, ઘનશ્યામનગર, સમઢિયાળા ન.૨, જીવાપર, ભાક્ષી, નિંગાળા, જામકા, વાગધ્રા, તાલડા, ધારેશ્વર, દેતડ, સરાકડીયા, મોતીસરનો સમાવેશ થાય છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: બારસ
તા.30-03-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૬:૧૪,
સૂર્યાસ્ત-૦૬:૩૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: માઘ

## દૈનિક રાશિફળ

**તા.૩૦-૦૩-૨૦૨૬ — સોમવાર**

મેષ: આજનો દિવસ ખુશીથી ભરપૂર રહેશે. ઓફિસમાં તમારા સાથીઓ થોડા હળવા મૂડમાં રહેશે અને કામ કરવાની ઇચ્છા પણ દર્શાવશે.

વૃષભ: આજે કાર્યક્ષેત્રમાં તમારો પ્રભાવ અને મહત્વ વધી શકે છે. આજે તમે કોઇ સામાજિક સંગઠનમાં ઉચ્ચ પદ પર જઇ શકો છો, જે તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે.

મિથુન: આજે નોકરી કરનારા લોકો અથવા ધંધાકીય લોકોને સરકાર દ્વારા કોઇ સન્માન અથવા ઇનામ મળી શકે છે. આજે તમારા દ્વારા કરવામાં આવેલ કાર્યોની સમાજમાં પ્રશંસા થશે.

કર્ક: ઓફિસનું વાતાવરણ થોડું ગંભીર રહેશે, જેનાથી તમે મુશ્કેલી અનુભવો છો. વાતાવરણને જીવંત બનાવવાનો પ્રયત્ન કરશો, પરંતુ સાથીદારોનો ટેકો મુશ્કેલ બનશે.

સિંહ: આજે તમે તમારા પરિવારના સભ્યો સાથે ચર્ચા કરી શકો છો. તમારે ધીરજ રાખવી જોઈએ. આજે દુશ્મન તમારા પર હાવી થઇ શકે છે.

કન્યા: આજે ક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ થશે અને નવી તકો પણ મળશે. સમાજ સુધારણા માટે કેટલાક કામ કરશો.

તુલા: આજે સવારથી તમારો મૂડ સારો રહેશે. તમે ધંધામાં મોટા ફાયદા માટે દિવસભર દોડશો. પરિવારના વરિષ્ઠ સભ્યો સાથે ભાવિ યોજનાઓની ચર્ચા કરશો.

વૃશ્ચિક: આજે તમને ધંધા અને ક્ષેત્રમાં સફળતા મળવાની સંભાવના છે. આજે તમારા મહત્વપૂર્ણ કાર્ય પૂરા થઇ શકે છે. રાજકીય ક્ષેત્રે આજે તમને ઉચ્ચ પદ મળી શકે છે.

ધન: આજે તમારો દિવસ વ્યાવસાયિક કાર્યોથી ઘેરાયેલો રહેશે. વ્યવસાય અથવા કાર્યસ્થળમાં ઘણા પ્રકારના વિવાદો રહેશે. જેને તમારે સમજદારીપૂર્વક ઉકેલવી જોઇએ.

મકર: આજે તમે આત્મવિશ્વાસથી ભરેલા રહેશો, જેથી તમે તમારા હરીફો પર પ્રભુત્વ મેળવશો. આજે ધંધા અને ક્ષેત્રમાં જંગી લાભ અને પ્રગતિના કારણે તમારો આત્મવિશ્વાસ વધશે.

કુંભ: વ્યવસાય અથવા નોકરી કરતા લોકોએ કોઇ એવું કાર્ય ના કરવું જોઇએ જે બીજા માટે જોખમી હોય. સંકટમાંથી બહાર આવવા માટે તમારે ધૈર્યથી કામ કરવું જ જોઇએ.

મીન: લાંબા સમયથી ચાલતી શંકાસ્પદ સમસ્યાઓનો અંત આવશે. જે તમને માનસિક તણાવથી મુક્તિ આપશે. લાંબા સમયથી કામકાજમાં જે અવરોધ સર્જાયો હતો તેનો અંત આવશે.

**સપોર્ટ સેન્ટર દ્વારા પતિને હાજર થવા માટે ફોન કરવામાં આવતા બની ઘટના**

# સા.કુંડલામાં અન્ય સ્ત્રી સાથેના સંબંધ મામલે થયેલી અરજીની અદાવતમાં પતિએ પત્ની પર હુમલો કર્યો

સાવરકુંડલા, તા.૨૯

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના મોટી વડાળ ગામની પરિણીતા પર તેના પતિએ સાવરકુંડલામાં હુમલો કરી, શરીરે ઈજાઓ પહોંચાડી હોવાની ઘટના સામે આવી હતી. મહિલા સપોર્ટ સેન્ટરમાં કરેલી અરજીનું મનદુઃખ રાખી પતિએ પત્નીને ઢીકાપાટુનો માર માર્યો હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે મુળ ભાવનગરના મહુવાના મોટી વડાળના અને હાલ સાવરકુંડલામાં રહેતા અસ્મીતાબેન મયુરભાઈ હરીયાણી (ઉ.વ.૨૫)એ પતિ મયુરભાઈ વિષ્ણુભાઈ હરીયાણી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, મહિલા મૂળ મહુવા તાલુકાના મોટી વડાળ ગામના વતની છે. તેઓને વાંસાના ભાગે રસોળીનું ઓપરેશન કરાવવાનું હોવાથી, છેલ્લા બે દિવસથી સાવરકુંડલા ખાતે રહેતા પોતાના ફઈના દીકરાના ઘરે આવ્યા હતા. દરમિયાન, પત્નીને જાણ થઈ હતી કે તેના પતિને અન્ય કોઈ સ્ત્રી સાથે સંબંધ છે, જેના પગલે તેણીએ સાવરકુંડલા મહિલા સપોર્ટ સેન્ટરમાં અરજી કરી હતી. મહિલાની અરજીના આધારે સપોર્ટ સેન્ટર દ્વારા પતિને હાજર થવા માટે ફોન કરવામાં આવ્યો હતો. આ વાતનું મનદુઃખ રાખી પતિએ ઉશ્કેરાઈ જઈ પત્ની પર હુમલો કર્યો હતો. પતિએ તેની ડોક પકડી લઈ શરીરે ઢીકાપાટુનો માર માર્યો હતો. હુમલા દરમિયાન પતિએ પત્નીના જમણા હાથ પર બટકું ભરી લીધું હતું, જેના કારણે હાથે ઉજરડા અને મુંઢ ઈજાઓ થઈ હતી. સાવરકુંડલા પોલીસે આ અંગે ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કેતનભાઈ દેવજીભાઈ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

**સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કેતનભાઇ દેવજીભાઇ રાઠોડ વધુ તપાસ ધરી**

# સાવરકુંડલામાંથી યુવતી ઘરેથી ચાલી નીકળી

સાવરકુંડલા, તા.૨૯

અમરેલી જિલ્લામાં યુવતીઓ લાપતા થવાનો સિલસિલો યથાવત્ રહ્યો હતો. સાવરકુંડલામાંથી એક યુવતી ઘરેથી ચાલી નીકળી હતી. પરશોતમભાઈ રામજીભાઈ ચાવડા (ઉ.વ.૪૩) એ જાહેર કર્યા મુજબ, તેમની દિકરી દેવાંગીબેન ઘરેથી કોઈને જાણ કર્યા વગર ક્યાંક જતી રહી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.એન. ખસતીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# નર્મદા કંપની દ્વારા પ્રાથમિક શાળા બાબકોટને CCTVથી સુરક્ષિત કરવામાં આવી

જાફરાબાદ, તા.૨૯



વેકેશન અને રજાઓના સમયમાં શાળામાં થોડફોડ અને ચોરીના બનાવ બનતા હતા તેને ધ્યાનમાં રાખીને શાળાએ **CCTV** ની લગાડવા માટે નર્મદા કંપનીનો સંપર્ક કર્યો હતો. અલ્ટ્રાટેકની નર્મદા સિમેન્ટ જાફરાબાદ વર્કર્સ દ્વારા **CCTV** જરૂરિયાત સમજી વિદ્યાર્થીઓ અને શાળા પરિસરની સલામતી માટે ૧૯ કેમેરા સાથે ઈન્સ્ટોલેશન કરી આપવામાં આવ્યું હતું. આ કામનો ઉદ્દેશ્ય શાળામાં બાળકોની સલામતી, શિસ્તબધ્ધ અને દેખરેખ હેઠળ શિક્ષણ બનાવવાનું છે.

# અમરેલીની શાંતાબા મેડિકલ કોલેજમાં ૨૦૨૦ની બેચના વિદ્યાર્થીઓનો કોન્વોકેશન સમારંભ યોજાયો

અમરેલી, તા.૨૯




અમરેલીની શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલમાં **MBBS** ૨૦૨૦ની બેચના ૧૫૨ વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક અભ્યાસ પૂર્ણ કરીને ડિગ્રી પ્રાપ્ત કરી છે. આ નિમિત્તે કોન્વોકેશન સમારંભ યોજાયો હતો. આ અવસરે સંસ્થાના મેનેજિંગ ડાયરેક્ટર ડૉ. એકતાબેન ગજેરા, ટ્રસ્ટી ચતુરભાઈ ખુંટ, કેમ્પસ ડાયરેક્ટર ભરતભાઈ ધડુક, દિનેશભાઈ કાપડિયા, ડીન ડૉ. અશોકકુમાર રામાનુજ, તબીબી અધિક્ષક આર. એમે જીતીયાએ તમામ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

## તંત્રી લેખ

# માર્ચ એટલે ઈતિહાસનો સીમા સ્તંભ અને ભાવિની આશા

સમય સીમાહીન છે. પરંતુ તેને વર્ષો અને સદીઓમાં વિભાજીત કરવામાં આવ્યો છે એમાં પણ માર્ચ મહિનો જાણે સમયનો એક સંધિકાળ છે. ઋતુઓના પરિવર્તનની સાથે તે માનવ ઈતિહાસના એવા પરિવર્તન બિંદુઓનો સાક્ષી રહ્યો છે, જ્યાં સત્તા, સ્વાતંત્ર્ય, યુદ્ધ અને ક્રાંતિની લહેરોએ સભ્યતાની દિશા જ બદલી નાખી. આ મહિનો શાબ્દિક અને અર્થાત્મક બંને રીતે 'માર્ચ' છે-એક તરફ આગળ વધવાનો, તો બીજી તરફ સંઘર્ષનો, જાણે ઈતિહાસ પોતે જ પગલાં ભરતો હોય.

પ્રાચીન રોમની ગણના સંસ્કૃતિના પાયાના પથ્થરોમાં થાય છે, અને ત્યાંની 'આઈડ્સ ઓફ માર્ચ' (માર્ચની ઈડસ) આજે પણ એક શાશ્વત ચેતવણી બની રહે છે. ૧૫ માર્ચ, ૪૪ ઈસવી પૂર્વે, જુલિયસ સીઝરની હત્યાએ માત્ર એક શાસકનો અંત ન આણ્યો, પરંતુ રોમન પ્રજાસત્તાકના અંત અને સામ્રાજ્યના ઉદયનો માર્ગ મોકળો કર્યો. તે ઘટના સાબિત કરે છે કે માર્ચનું મૂળ સત્તાના કેન્દ્રોને ધ્રુજાવવામાં રહ્યું છે. આ પડઘો સદીઓ સુધી ગૂંજતો રહ્યો, અને જ્યારે જ્યારે વિશ્વના કોઈ ખૂણે અસ્થિરતાએ મોટો વળાંક લીધો, ત્યારે ત્યારે આ મહિનો તેનો સાક્ષી બન્યો. આધુનિક યુગમાં પણ માર્ચે યુધ્ધ અને શાંતિના સમીકરણો લખ્યા છે. ૨૦ માર્ચ, ૨૦૦૩ના રોજ ઈરાક યુધ્ધનો આરંભ એ એવો નિર્ણય હતો જેણે એકવીસમી સદીના વૈશ્વિક રાજકારણને ઊંડે સુધી હચમચાવી નાખ્યું. આ યુધ્ધે આંતરરાષ્ટ્રીય કાયદા, માનવાધિકાર અને ભૌગોલિક રાજનીતિના સ્તંભોને પ્રશ્નાર્થમાં મૂક્યા. તે જ સમયે, આ મહિનો અહિંસક પ્રતિકાર અને સ્વાતંત્ર્યની આકાંક્ષાનો પણ સમાનાર્થી બન્યો. ૧૨ માર્ચ, ૧૯૩૦નો દિવસ ભારતના ઈતિહાસમાં સોનેરી અક્ષરોમાં લખાયો, જ્યારે મહાત્મા ગાંધીએ દાંડી કૂચ શરૂ કરીને બ્રિટિશ સામ્રાજ્યના મીઠા ઉપરના અન્યાયી એકાધિકારને પડકાર ફેંક્યો. આ કૂચ માત્ર પ્રશ્નની ન હતી, તે સ્વરાજની ભૂમિકા પરનો એક દૃઢ હુમલો હતો. આજે, જ્યારે આપણે આ મહિને વૈશ્વિક અસ્થિરતા, નવા સંઘર્ષો અને અનિશ્ચિતતાના વાતાવરણમાંથી પસાર થઈ રહ્યા છીએ, ત્યારે ઈતિહાસના આ પડછાયાઓ વધુ ઘેરા બની જાય છે. રાષ્ટ્રો વચ્ચેની તણાવ રેખાઓ, લોકશાહી મૂલ્યો પરના પ્રશ્નાર્થ, અને યુધ્ધની અનિશ્ચિત ધમકીઓ આજના માર્ચને પણ ઐતિહાસિક માર્ચ જેવો જ બનાવી રહી છે. પ્રશ્ન એ જ છે જે સીઝરના સમયથી લઈને ગાંધી અને આજ સુધી અનુરણિત છે: શું માનવતા ઈતિહાસના આ પુનરાવર્તન માંથી કોઈ પાઠ શીખી શકી છે? કદાચ ના, કારણ કે સત્તાનો મોહ અને સ્વાતંત્ર્યની તૃષ્ણા બંને સમાન ઉત્સાહથી પેઢી દર પેઢી ટ્રાન્સફર થાય છે. પરંતુ કદાચ હા, કારણ કે દરેક માર્ચ આપણને આ સંઘર્ષની અનિવાર્યતા સમજાવે છે. આ મહિનો આપણને યાદ અપાવે છે કે ઈતિહાસ માત્ર ભૂતકાળનો ભંડાર નથી, પરંતુ એક જીવંત સત્ય છે જે આપણા વર્તમાન નિર્ણયો દ્વારા નવી દિશાઓ લે છે. આપણે તેના સાક્ષી નથી, પરંતુ તેના સર્જક છીએ. માર્ચનો દરેક દિવસ એક ધ લઈને આવે છે: આપણે કયા ઈતિહાસનો હિસ્સો બનવા માંગીએ છીએ-યુધ્ધનો કે શાંતિનો, દમનનો કે સ્વાતંત્ર્યનો? આ પ્રશ્ન નો જવાબ જ આપણા આવતીકાલને આકાર આપશે. માર્ચ, તો માત્ર એક સંધિબિંદુ છે; નિર્ણય આપણો છે.

# વિજયાદશમી ઉત્સવના બૌદ્ધિકમાં રામ જન્મભૂમિ, હિન્દુ અસ્મિતા અને ભારતીય સંસ્કૃતિ વિશે વાત

## પુષ્પ : ૧૮

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ત્રીજા સરસંઘચાલક બાળાસાહેબ દેવરસે ઈ.સ. ૧૯૯૩ ના વિજયાદશમી ઉત્સવના બૌદ્ધિકમાં રામ જન્મભૂમિ, હિન્દુ અસ્મિતા અને ભારતીય સંસ્કૃતિ વિશે વાત કરી હતી. આ સંદર્ભે તેમણે જણાવ્યું હતું કે, 'હવે ૧૯૯૨ માં અયોધ્યા ઘટનાને બહાનું બનાવીને નરસિંહરાવની સરકારે ફરીથી સંઘ પર પ્રતિબંધ મૂક્યો અને જનતા દ્વારા ચૂંટાયેલી ભાજપની સરકાર ઉત્તર પ્રદેશમાં અને અન્ય ત્રણ રાજ્યોના મુખ્યમંત્રીઓ સંઘ સંબંધીત હતા, તેથી ત્યાંની વિધાનસભામાં બહુમતી ધરાવતી ભારતીય જનતા પાર્ટીની સરકારોને પણ બરતરફ કરવામાં આવી. આને સંપૂર્ણપણે અલોકતાંત્રિક કૃત્ય કહેવું જોઈએ. એટલું જ નહીં, ધર્મ અને રાજકારણને વિભાજિત કરતું બિલ લાવવાનો નિષ્ફળ પ્રયાસ પણ કરવામાં આવ્યો. પરંતુ માનનીય રાષ્ટ્રપતિ શ્રી શંકર દયાલ શર્માજીએ પણ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, ધર્મ શબ્દનો અંગ્રેજીમાં 'Religion' તરીકે ખોટો અનુવાદ થવાને કારણે આવું થયું છે. ધર્મ અને સંપ્રદાય બે અલગ અલગ બાબતો છે, તેથી રાજકારણમાં સાંપ્રદાયિકતાને અલગ કરી દેવી જોઈએ. સંઘ પરથી પ્રતિબંધ હટાવવા માટે કોઈ આંદોલન કરવાની જરૂર પડી નહીં. આપણે આને ભગવાનની કૃપા માનીએ છીએ. સરકાર દ્વારા રચવામાં આવેલી કમિટીએ જ સંઘને નિર્દોષ જાહેર કર્યો. આપણી સાથે અન્ય સંગઠનો પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. તેમાંથી વિશ્વ હિન્દુ પરિષદ હજુ પણ પ્રતિબંધિત છે. આ સરકારની જીદ છે. આ કટ્ટરતાને કારણે સરકાર ન્યાયાધીશ બાહરીએ આપેલા નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં ગઈ છે. આ દુર્ભાવનાપૂર્ણ વર્તન દ્વારા સરકાર શું પ્રાપ્ત કરી રહી છે તે આપણી સમજની બહાર છે. કદાચ સરકાર વિશ્વ હિન્દુ પરિષદ પર પ્રતિબંધ જાળવી રાખીને તેના કઠપૂતળીઓ દ્વારા અયોધ્યા મુદ્દાને ઉકેલવા વિશે વિચારી રહી હશે. પરંતુ તેને આમાં સફળતા મળશે નહીં. તાજેતરમાં નાગપુરમાં યોજાયેલા સંત સંમેલનમાં સંતો વચ્ચે વિભાજન કરવાના સરકારના તમામ પ્રયાસોને નિષ્ફળ બનાવવાના નિર્ધારનું પ્રતિબિંબ જોવા મળ્યું છે. અયોધ્યામાં સરકારે પ્રોત્સાહિત કરેલા સોમયજ્ઞના પરાજયથી સરકારની આંખો ખુલી જવી જોઈતી હતી. પરંતુ સરકાર આંખો બંધ કરીને આગળ વધવા માટે તૈયાર છે. હવે ફક્ત ભગવાન જ તેને બચાવી શકે છે, પરંતુ દરેક વ્યક્તિએ સમજવું જોઈએ કે - અયોધ્યામાં જ્યાં રામલલ્લા બિરાજમાન છે ત્યાં એક ભવ્ય મંદિર બનશે અને મંદિરના નિર્માણ માટે રચાયેલ શ્રી રામ જન્મભૂમિ ટ્રસ્ટ મંદિરનું નિર્માણ કરશે. આ ટ્રસ્ટને લાખો હિંદુ નાગરિકોએ પોતાના પૈસા આપ્યા છે. દરેક ગામે રામમશલાના રૂપમાં પોતાની શ્રધ્ધા સોંપી છે પ્રતિબંધના સમયગાળા દરમિયાન, જ્યારે સંગઠન પોતાનું મોં બંધ રાખે છે, ત્યારે ખોટા આરોપોનો ઢગલો કરવો સરળ બની જાય છે. જે આરોપો ઈ.સ. ૧૯૪૮ માં લગાવવામાં આવ્યા હતા અને ઈ.સ. ૧૯૭૫ માં પુનરાવર્તિત થયા હતા, તે જ આરોપો ઈ.સ. ૧૯૯૨ માં ફરીથી



પુનરાવર્તિત થયા.

મહારાષ્ટ્રમાં તેઓ કહેશે કે સંઘ બ્રાહ્મણોનો છે. તેઓ દક્ષિણમાં બૂમ પાડશે કે આ દ્રવિડો પર આર્યોનો હુમલો છે. ઉત્તરમાં તેઓ કહેશે કે આ મરાઠાઓનું કાવતરું છે. ગુજરાતમાં તેઓ કહેશે કે આ શિવાજીની રાહે ચાલતું કપટી સંપ્રદાયનું સંગઠન છે. પરંતુ આ ખુલ્લેઆમ જુઠાણું હવે ખુલ્લું પડી ગયું છે. બધા હિન્દુઓના હિત માટે, હિન્દુ સમાજને એક તાતણે બાંધી, સદાચારી, સ્વાભિમાની, શૌર્યસંપન્ન બનાવવા માટેનું કાર્ય સંઘ કરી રહ્યો છે. તે કોઈ ચોક્કસ જાતિ સુધી મર્યાદિત ન હોઈ શકે. હવે બધાને સમજાયું છે કે આપણે જાતિવાદમાં માનતા નથી, આપણે અસ્પુશ્યતામાં માનતા નથી, આપણે ચતુર વર્ણ ચાતુર્વણ્ય પ્રથાને સ્વીકારતા નથી. સમગ્ર હિન્દુ સમાજ એક છે, એક સમાન છે. શરૂઆતથી જ આ આપણી માન્યતા રહી છે. આપણે આપણી અનોખી પદ્ધતિ દ્વારા જાતિ આધારિત દુશ્મનાવટને દૂર કરી રહ્યા છીએ. હું ગર્વથી કહેવા માંગું છું કે સંઘમાં જેટલી જાતિ, સાંપ્રદાયિક, ભાષાકીય સમરસતા અને સદ્ભાવના છે તેટલી બીજે ક્યાંય નથી. કહેવાય છે કે રાજકારણ લોકોને વિભાજિત કરે છે, ધર્મ લોકોને જોડે છે. આ સંગઠન લોકોને એક કરવાનું ધાર્મિક કાર્ય કરી રહ્યો છે અને તેમાં સફળતા પણ મેળવી રહ્યું છે. આપણો ઈરાદો સ્પષ્ટ અને સરળ છે. આ દેશ હિન્દુસ્તાન છે. આ એક હિન્દુ રાષ્ટ્ર છે. હિન્દુ શબ્દ કોઈ સાંપ્રદાયિક શબ્દ નથી. આ એક એવો શબ્દ છે જે રાષ્ટ્રવાદની ભાવના વ્યક્ત કરે છે. આ દેશના સારા અને ખરાબની સંપૂર્ણ જવાબદારી હિન્દુઓના ખભા પર છે. જો તેઓ એકીકૃત થઈ રહેશે, સારા ચારિત્ર્ય ધરાવશે અને હિંમતવાન હશે તો તેઓ આ દેશને આગળ લઈ જશે, જો તેઓ એકબીજા સાથે લડતા રહેશે, ભ્રષ્ટાચારને શિષ્ટાચાર તરીકે સ્વીકારતા રહેશે, કાયર અને આળસુ રહેશે તો તેઓ આ જ કરતા પણ ખરાબ પરિસ્થિતિમાં પહોંચી જશે. ડૉ. હેડગેવારજી પણ આ જ વાત કહેતા હતા. આ દેશ પ્રત્યે હિન્દુઓની ગંભીર જવાબદારી સમજ્યા પછી તેમણે સંઘની સ્થાપના કરી. આજે સંઘ સમગ્ર દેશમાં ફેલાયેલો છે. પરિણામે હિન્દુઓ સંગઠીત અને જાગૃત બન્યા છે. તે સ્વ જાગૃત બની ગયો છે. તેનામાં આત્મવિશ્વાસ જાગ્યો છે. હિન્દુ સમાજનું આ શક્તિશાળી સ્વરૂપ ઘણા લોકોને ડખે છે. તેથી હિન્દુ સમાજની શક્તિને તોડવા માટે કાવતરા ઘડવામાં આવી રહ્યા છે. હિન્દુ સમાજમાં ક્યારેક જાતિના આધારે, ક્યારેક ભાષાના આધારે અને ક્યારેક કોઈ ચોક્કસ સમુદાયના આધારે વિભાજન કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. જ્યારે આપણે બધા હિન્દુઓ વિશે વાત કરીએ છીએ, ત્યારે આપણને સંકુચિત અને સાંપ્રદાયિક કહેવામાં આવે છે. કેટલાક હિન્દુઓ જાતિ કે ભાષાના આધારે એકબીજા સાથે લડતા રહે છે, તો તેમને ખૂબ જ રાષ્ટ્રવાદી અને ઉદારવાદી કહેવામાં આવે છે. આ એક ભ્રામક અને વિપરીત મૂલ્યાંકન છે. આપણને આ સ્વીકાર્ય નથી. હકીકતમાં આ નાના-નાના સંકુચિત સંગઠનો એ હિન્દુ ધર્મના સર્વાંગી અને સર્વ સમાવેશી આસ્થાની સામે ઊભા કરવાની નીતિ જ અલગતાવાદનું મૂળ કારણ છે. આ અલગતાવાદી તત્વો પોતાના નાપાક ઉદ્દેશોને પ્રાપ્ત કરવા માટે હિંસાનો આશરો લેતા અચકાતા નથી. તેઓ પોતાના લોકો પર હિંસા કરવામાં જરાય શરમ અનુભવતા નથી. તમે જોશો કે આ બધી શક્તિઓ હિંદુત્વની વિરુધ્ધ ઊભી છે. તે આ દેશને તોડવા માગે છે. મુંબઈ, કોલકાતા અને દિલ્હીમાં થયેલા ભયાનક બોમ્બ વિસ્ફોટો, ચેન્નાઈમાં સંઘ કાર્યાલયમાં થયેલા બોમ્બ વિસ્ફોટ, આ બધી ઘટનાઓ વિદેશી પ્રોત્સાહનથી આપણા દેશમાં કાર્યરત કેટલાક લોકોની કારીગરી છે. આ એ જ શક્તિઓ છે જે પંજાબ અને કાશ્મીરની હિંસામાં સામેલ છે. આપણે બધાએ આ અંગે ખૂબ જ સભાન રહેવું પડશે. આ આતંકનો સામનો ગભરાહટથી નહીં, ફક્ત શાંત અને મજબૂત રહીને જ કરી શકાય છે, આ બાબતમાં સરકારની ખાસ જવાબદારી છે. રાજકીય પ્રભાવ ધરાવતા કેટલાક લોકોના આતંકવાદીઓ સાથે સંબંધો હોવાના અહેવાલો સમાચારોમાં પ્રકાશિત થયા છે. સરકારે આ પાછળનું સત્ય શોધવું જોઈએ અને આ તત્વોને તાત્કાલિક સત્તાના હોદ્દા પરથી દૂર કરવા જોઈએ. આ રીતે બાળા સાહેબ દેવરસજીએ ઈ. સ. ૧૯૯૩ ના વિજયાદશમીના ઉત્સવ દરમિયાન આપેલા બૌદ્ધિકમાં તત્કાલીન ભારતની પરિસ્થિતિ વિશે ખૂબ જ વિસ્તૃત રીતે વાત કરી હતી અને એ સમયની પરિસ્થિતિના સંદર્ભમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની વિચારધારા અને આગવી કાર્યશૈલીની પણ વાસ્તવિક ચર્ચા કરી હતી. બાળા સાહેબ દેવરસજીએ ૨૧ વર્ષ સુધી સરસંઘચાલક તરીકે અનન્ય સેવા આપી અને બાદમાં સ્વાસ્થ્યના કારણોસર તેમણે આ મહત્વપુર્ણ જવાબદારી પ્રા. રજ્જૂ ભૈયાજીને સોંપી.

### વિચારપૂંજ

સંકલન - હું એક સામાન્ય સ્વયંસેવક
(રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો)

# ગઈ કાલથી શીખો, આજમાં જીવો અને આવતી કાલ માટે સપના જુઓ

સંસારમાં દરેક વ્યક્તિ માટે વીતેલા સમયની વ્યથા યાદ હોય છે,આજનો દિવસ ખાસ હોય છે અને આવતીકાલના અરમાનો હૃદયની પાસ હોય છે.માનવ જીવનનો માર્ગ સમયના આ ત્રણ પડાવોમાં વહેંચાયેલો છે,જેને આપણે ગઈ કાલ, આજ અને આવતી કાલ તરીકે ઓળખીએ છીએ.આ ત્રણેય માત્ર શબ્દો નથી, પણ જીવનને સમજવા, સુધારવા અને આગળ વધારવા માટેના મહત્વપૂર્ણ સમય ચક્રના સ્તંભો છે.વીતેલો સમય ફરી પાછો આવતો નથી,પરંતુ પસાર થયેલ સમયની પળોની સુખદ કે દુઃખદ અસરો માનસ પટ પર યાદી રૂપે અંકાયેલી હોય છે,જેનું સ્મરણ આજની વર્તમાન પળો પર અસર કરે છે.ભૂતકાળની ખાટી મીઠી યાદો વર્તમાનને વિવેચક સ્વરૂપે રોચક બનાવતી હોય છે.અને આજની ક્રિયા આવતી કાલનો પાયો બાંધે છે.કેટલાક લાંબા કે ટૂંકા ગાળાના આયોજનો આવતીકાલના અરમાન સ્વરૂપે આજની ક્રિયામાં સામેલ હોય છે.આમ માણસ ભૂતકાળ અને ભવિષ્યકાળ રૂપી બે સાંકળ વડે બંધાયેલ વર્તમાનના ઝુલા પર ઝૂલતો હોય છે.આમતો સમય જ જીવન છે અને સમય જ મરણ છે.જગતમાં બધું સમય વડે ચાલે છે.સંસાર આખો સમય ચક્ર ને આધીન છે.સમયની ગણતરી ના હોત તો સુખ દુઃખ ના સરવાળા બાદબાકી ના હોત અને માનવ જીવનની સંકલ્પના જ શક્ય ન હોત.એટલે સૃષ્ટિનું અસ્તિત્વ જ સમય ને આધીન છે.સમયના પેટાળમાં હજારો લાખો અને કરોડો વર્ષોનો ઈતિહાસ દટાયેલ પડ્યો છે.વર્તમાન સમયમાં કરોડો અબજો ક્રિયાઓ થઈ રહી છે અને આવનાર સમયમાં થવાની ક્રિયાઓ ,બનનારી અનંત ઘટનાઓ પણ સમયના ગર્ભમાં વિકસી રહી હશે.અખિલ બ્રહ્માંડના સાપેક્ષમાં આપણુ કદ એક માત્ર ટપકા સમાન પણ નથી ગણાતું,છતાં સમય સારણીની વિશેષ વ્યવસ્થાઓ એ માનવીને બ્રહ્માંડના રહસ્ય ઉકેલવા મથામણ કરતો કર્યો છે.સમય જ જીવનને રસમય બનાવે છે.આમ માનવ જીવન જ માત્ર નહીં પણ સમસ્ત સૃષ્ટિ માટે સૌથી અગત્યનું અંગ એટલે સમય છે.આવો સમયના આ ત્રણ પાંડવોને સમજવા પ્રયત્ન કરીએ.



મનન ચિંતન
ભરત બાવીશી

ગઈ કાલ એટલે અનુભવોનો ભંડાર:

ગઈ કાલ એટલે આપણો ભૂતકાળ. તેમાં આપણી ભૂલો, સફળતાઓ, આનંદ અને દુઃખ બધું જ સામેલ છે. ગઈ કાલ ક્યારેય પાછી આવતી નથી, પણ તે આપણને શીખવી જાય છે.ગઈ કાલમાંથી મળેલા અનુભવો આપણને સમજદાર બનાવે છે. જો આપણે ભૂલોને યાદ રાખીને શીખી લઈએ, તો એ આપણું માર્ગદર્શન બની જાય છે. પરંતુ જો આપણે ગઈ કાલમાં જ અટવાઈ જઈએ, તો આગળ વધવાનું બંધ થઈ જાય છે. એટલે ગઈ કાલને યાદ રાખવી, પણ તેમાં જીવવું નહીં,એ જ સાચી સમજ છે.

આજ એટલે નવી તક:

આજ એ સૌથી મહત્વપૂર્ણ સમય છે. કારણ કે આજ આપણા હાથમાં છે. ગઈ કાલ પસાર થઈ ગઈ અને આવતી કાલ હજુ આવી નથી, પરંતુ આજમાં આપણે જે કરીએ છીએ તે જ આપણા ભવિષ્યને ઘડે છે.આજનો સદુપયોગ કરવો એટલે જીવનને યોગ્ય દિશામાં લઈ જવું. આજમાં કરેલી મહેનત, આજમાં લીધેલા નિર્ણયો અને આજમાં જીવેલી ક્ષણો જ આવતી કાલનું સ્વરૂપ બનાવે છે.આજનો લ્હાવો લીજીએ રે કાલ કોણે દીઠું છે.વર્તમાનને ભરપૂર માણી લેવો જોઈએ કેમકે ભવિષ્યની આપણને ખબર નથી.રાતે સુતા પછી સવારે જાગીશું કે નહીં એની પણ ગેરંટી નથી.તેમ છતાં પણ આજે કરેલા કર્મ ભવિષ્યના ફળ નિર્માતા હોય છે.ભવિષ્યની ઈમારત વર્તમાનના પાયા પર જ નિર્માણ પામતી હોય છે.વર્તમાન સત્ય છે અને ભવિષ્યકાળ ભ્રમ છે.માટે સુખ હોય કે દુઃખ,વર્તમાનને વધાવી લેવો જોઈએ. "આજને જીવો, કારણ કે આ જ સચ્ચાઈ છે."

આવતી કાલ એટલે આશાનું પ્રતીક:

આવતી કાલ એટલે ભવિષ્ય. તે આશા, સપનાઓ અને નવી શરૂઆતનું પ્રતીક છે. દરેક વ્યક્તિ આવતી કાલ માટે સપનાઓ જુએ છે.સફળતા મેળવવાની, સુખી જીવન જીવવાની આશાએ આજે ખૂબ મહેનત કરે છે. આમ આવતીકાલની આશા જ આપણને આજની ક્રિયાઓ પ્રક્રિયાઓમાં પ્રવૃત રાખે છે.આમેય,આવતી કાલ પોતે સુંદર બની નથી જતી. તે આજના પ્રયત્નોથી જ સુંદર બને છે. જો આપણે આજમાં મહેનત કરીએ, તો આવતી કાલ આપમેળે ઉજ્જવળ બની જાય છે.એટલે કે આવતીકાલ આપણી ઉમ્મીદ છે , આશાનું પ્રતીક છે.અને ખાસ અગત્યનું કે આવતી કાલ માટે ચિંતા નહીં, તૈયારી કરવી જોઈએ.

નિષ્કર્ષ:

ગઈ કાલ આપણને શીખવે છે, આજ આપણને તક આપે છે અને આવતી કાલ આપણને આશા આપે છે.જો આપણે ગઈ કાલમાંથી શીખી, આજને સારી રીતે જીવી અને આવતી કાલ માટે સકારાત્મક દ્રષ્ટિકોણ રાખીશું, તો જીવન સફળ અને સુખમય બની શકે છે.

**આવતી કાલ છે સપનાનો ઉજાસ,**
**આશાના દીવા કરે દિલમાં પ્રકાશ,**
**મહેનતના પગલાં જ્યાં દ્રઢ થાય,**
**ત્યાં સફળતા પણ ગળે લાગી જાય.**

**ગઈ કાલે શીખવ્યું, આજે જીવી લઈએ,**
**આવતી કાલને સુંદર બનાવી લઈએ,**
**સમયના ત્રણેય રંગને અપનાવી લઈએ,**
**જીવનને આનંદથી રંગીન બનાવી લઈએ.**

# ખેડૂતનો દિકરો છું, નોકરી નહિ કરૂ, બીજાને નોકરી આપીશ






હું ખેડૂતનો દિકરો છું. મારા બાપદાદા ખેતી કરે છે. મને ભણાવ્યો-ગણાવ્યો અને સમાજ જીવનમાં સેટ કર્યો એ ખેતીની આવકના હિસાબે શકય બન્યુ છે. આ શબ્દો છે એક સમયે કચ્છની સુકી બંજર ધરતી આજે નર્મદા નિર પહોંચતા સોળેય કળાએ સજીવન બની છે તે કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના ગઢસીસા ગામ પાસે આવેલા નાનકડા ગામ વરજડીના યુવા ખેડૂત ભાવેશ મણીલાલ માવાણીના. જેની ઉંમર માત્ર ૩૬ વર્ષની છે. અભ્યાસ બી.ટેક રીન્યુએબલ એનર્જી એન્ડ એનવાયરમેન્ટ એન્જીનીયરીંગ સુધીનો અભ્યાસ કરી ખાનગી કંપનીમાં ૮ મહિના નોકરી કરી પોતાના બાપ-દાદાની ૧૬ એકર જમીન આ જમીનમાં આધુનિક અને પ્રાકૃતિક ખેતી કરવી અને બીજાને રોજગારી આપવાના ઈરાદા સાથે ૨૦૧૦થી પ્રાકૃતિક ખેતીની નાની વયે શરૂઆત કરી.

પોતાના બાગાયતી ફાર્મમાં આંબાના ૨૦૦૦ ઝાડ છે. નાળીયેર ૨૦૦ છે. ડ્રેગન ફ્રુડના ૫૦૦ પોલ છે. ખારેક ૨૦૦ છે. આંબાની બે લાઈનો વચ્ચે પપૈયા, કેળા જેવા આંતર પાકો લે છે. ઉપરાંત સરગવાના ૮૦૦ ઝાડ છે.

આંતર પાકના માધ્યમથી ઉત્તમ અને નફાકારક ખેતી થઈ શકે છે એ ભાવેશભાઈએ સાબિત કરી બતાવ્યું છે. હળદર, આદુ, ફુદીનો, તુવેર જેવા પાકો આંતર પાકો તરીકે વાવતેર કરે છે. જયારે ચોમાસામાં મગ, તલ, ચોળા અને શાકભાજીનું વાવેતર કરે છે. શિયાળામાં ઘઉં, મેથી, અળસી, રાઈનું વાવેતર કરે છે.

ઉનાળામાં તલ, મગ, બાજરો જેવા પાકોનું



ઝાકળનું એક બિંદુ
હિરેન હિરપરા

વાવેતર કરવામાં આવે છે. ભાવેશભાઈ કહે છે, હું માર્કેટીંગયાર્ડમાં કોઈપણ ખેત ઉત્પાદન વેચાણ કરવા માટે જતો નથી. મારી પોતાની રીતે માર્કેટીંગ કરીને વેચાણ કરૂ છું. ઉપરાંત વેલ્યુએડીશન કરૂ છું. તેઓ જણાવે છે કે, હળદર પાવડર, સુંઠ પાવડર, સરગવા શીંગનો પાવડર, ધાણા પાવડર, છાશનો મસાલો, ફુદીનામાંથી ચાટ મસાલા, તુવેરમાંથી તુવેરદાળ, ચણામાંથી ચણાદાળ તથા ચણા લોટ અને અથાણા વિગેરે બનાવીને વેચાણ કરવામાં આવે છે. આજે મારી ખેતીમાં રાસાયણિક ખાતરો અને પેસ્ટી સાઈડનો ઉપયોગ કરવામાં આવતો નથી. પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામો જીવામૃત, ધન જીવામૃત અને વિવિધ અર્કના માધ્યમથી રોગ જીવાત નિયંત્રણ કરીને નફાકારક ખેતી કરવામાં આવે છે. ભાવેશભાઈ કહે છે. આજે હું નોકરી કરતો હોત તો માત્ર કોઈ કંપનીમાં નોકરીયાત હોત. હું બધા ખેડૂતોના દિકરા અને દિકરીઓને કહેવા માંગુ છુ કે, પોતાની જમીન અને વતનને પ્રેમ કરો ખેતી એ કાયમી આજીવીકા છે. ખેતીને સમય આપો તો ખેતી તમારો સારો સમય લાવશે. આજે આખુ વર્ષ ૧૦થી વધારે વ્યક્તિઓને પેકીંગ, ગ્રેડીંગ, શોર્ટીંગમાં નોકરી આપું છું. જયારે ખેતીમાં જરૂર પડે એ મજુરો અલગ બોલો ભાવેશભાઈ માવાણી સફળ ખેડૂત છે ને. **ભાવેશભાઈનો સંપર્ક નં.૯૭૨૭૭ ૩૩૨૪૧** છે.

## :: તિખારો ::

**વિશ્વાસ તૂટે તો દુઃખ થાય જ પણ એ વ્યક્તિનો આભાર માનજો કારણ કે એ શિખવીને જાય છે કે વ્યક્તિ ઉપર વિશ્વાસ વિચારીને કરવો જોઈએ પરંતુ વિશ્વાસઘાતી વ્યક્તિઓએ સમય જતા વ્યાજ સાથે દુઃખનો સામનો કરવો પડે છે.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અઠવાડિક ખેતી કાર્યો

ઉનાળુ મગફળી : મગફળીના પાનનાં ટપકાનાં નિયંત્રણ માટે ક્લોરોથેલોનીલ ૨૬ ગ્રામ અથવા હેક્ઝાકોનાઝોલ ૧૦ મીલી ૧૦ લીટર પાણીમાં નાંખી બે કે ત્રણ છંટકાવ કરવા.

ખાસ કરીને ફુલ આવવા અને સુયા બેસવા અને ડોડવાનો વિકાસ થવો આ અવસ્થાએ અવશ્ય પિયત આપવું.

**મગ (ઉનાળુ):** ઉનાળુ મગને કુલ ૭ પિયત આપવાથી વધુમાં વધુ ઉત્પાદન મેળવી શકાય છે

**ઉનાળુ તલ વાવેતરનાં ફાયદા:**

૧) ચોમાસુ તલ કરતા ઉનાળુ તલનું ઉત્પાદન વધુ મળે છે.

૨) નિયમિત પિયત પાણી મળવાથી પાકની વૃધ્ધિ અને વિકાસ સારો થાય છે.

૩) ઉનાળુ તલમાં રોગ / જીવાત ઓછા પ્રમાણમાં આવે છે,

૪) પ્રકાશ સંશ્લેષણ માટે પૂરતા પ્રમાણમાં સૂર્યપ્રકાશ મળે છે અને પુષ્કળ પ્રમાણમાં મધમાખીની આવન જાવનથી પરાગનયનની પ્રક્રિયા સારી થવાથી બૈંઢા પુષ્કળ સંખ્યામાં બેસે છે.

૫) ઉનાળુ તલમાં દાણાં એક સરખા અને ભરાવદાર થવાથી ગુણવત્તા સારી મળે છે.

**(ઉનાળુ બાજરી) તલછારો:**

● બાજરીના પાકમાં ધરૂ અવસ્થાએ જો આ રોગનો ઉપદ્રવ થાય તો છોડની ફૂટ વધે છે જેનાથી છોડ સાવરણી જેવો દેખાય છે. રોગનો ઉપદ્રવ જો ડુંડા અવસ્થાએ થાય તો ડુંડા આખામા અથવા અડધા ભાગમા દાણા બેસતા નથી અને દાણાની જગ્યાએ ગોળ વાંકડીયા વાળ જેવી લીલી ફૂટ જોવા મળે છે. તેના હનયાંત્રણ માટે ડીનોકેપ ૪૮ ઈસી. ૫ મિલી ૧૦ લીટર પાણીમાં નાખી છાંટકાવ કરવો

● લીલી ઈયળના નિયંત્રણ માટે કલોરપાયરીફોસ, કવીનાલફોસ કે ઈન્ડોકસાકાબનો છંટકાવ કરવો.

● બાજરાનો પાક જયારે ૧૫ થી ૨૦ દિવસનો થાય ત્યારે હાથથી નિંદણ રોગવાળા અને જીવાત લાગેલ છોડ ઉપાડીને દૂર કરવા, બાજરાના પાકમાં નિંદામણના નિયંત્રણ માટે અને જમીનની ભૌતિક પરિસ્થિતિ સારી રહે તે માટે સમયસર આંતરખેડ કરવી ખાસ જરૂરી હોય છે

**મકાઈ: તલછારો:**

● મકાઈના પાકમાં આ રોગની શરૂઆતમાં નીચેના પાન પરની નસો સાંકડી, પીળાશ પડતા બદામી રંગની અને પાનને સમાંતર પટ્ટીઓના રૂપમાં જોવા મળે છે જે સમય જતાં ભૂખરા કે લીલાશ પડતા રંગની થઈ જાય છે.તેના નિયંત્રણ માટે ડીનોકેપ ૪૮ ઈસી. ૫ મિલી ૧૦ લીટર પાણીમાં નાખી છંટકાવ કરવો

**ડુંગળી:**

● ડુંગળીના બીજ ઉત્પાદન માટેના લોથાની કાપણી ૧૦૦% લોથામાં કાળા ડુંગળીના બીજ દેખાય ત્યારે કરવી.

● પરિપકવ બીજના લોથા વાઢી બાકીના લોથા જેમ જેમ પરિપક્વ થાય તેમ તેમ વાઢતાં રહેવું.

**શેરડી:**

● સ્કેલ જીવાતનું પ્રમાણ અંકુશમાં રાખવા માટે પાક છ માસનો થાય ત્યારે એક માસના અંતરે બે થી ત્રણ વખત સુકી પતરી કાઢી નાખી સાંઠા ખુલ્લા રાખવા.

**શેરડીમાં જૈવિક નિયંત્રણ**

● વેધકોના ઈંડાના પરજીવી ટ્રાયકોગામા ચીલોનીસ તથા ટ્રાયકોગામા ખેતરમાં છોડવા.

● એપીરીકેનીયા મેલાનોલ્યુકા ના ૧૦૦૦૦૦ ઈંડા અથવા ૨૦૦૦ કોશેટા પ્રતિ હેકટર છોડવાથી પાયરીલાનું ૧૦૦ ટકા નિયંત્રણ કરી શકાય.

● સફેદ માખીના ઈંડા તેમજ બચ્ચાને ખાનારા દાળીયા કિટકો જેવા કે સેરેન્જીયમ પારસેસીટોઝમ, મેનોચીલસ સેકસમેકયુલેટસ, બુમોઈડસ સુચુરાલીસ પરભક્ષી કરોળીયા તથા કેટલીકવાર કાયસોપા પણ જોવા મળે છે. ત્યારે દવાનો છંટકાવ મુલતવી રાખવો જોઈએ.

● શેરડીની ભીંગડાવાળી જીવાત પર નભતા પરભક્ષી દાળીયા કિટકો જેવા કે કાયલોકોરસ નીગ્રીરસ, ફેરોસીમ્નસ હોર્ની અસરકારક જોવા મળે છે.

● ડાયફા એફીડીવોરા, માઈક્રોમોસ ઈગોરોટસ તથા સીરફીડ ફલાય જેવા પરભક્ષી શેરડીની વ્હાઈટ વુલી એફીડ ઉપર ખુબજ અસરકારક માલુમ પડેલ છે.

● મગ, અડદ તથા ચોળીના વાવેતર કરેલ પાકમાં ચુસીયા પ્રકારની જીવાત જણાય તો તેમજ મોજેક વાયરસનો રોગ જણાય તો મગફળી પાકમાં જણાવ્યા મુજબ શોષક પ્રકારની કોઈપણ એક દવા જરૂર મુજબ છાંટવી.

● કઠોળપાકમાં ભૂકીછારાનાં નિયંત્રણ માટે કાર્બેન્ડાઝીમ ૧૦ ગ્રામ અથવા હેકઝાકોનાઝોલ ૧૦ મીલી ૧૦ લીટર પાણીમાં નાખી ૧૫ દિવસનાં અંતરે બે છંટકાવ કરવા

● કઠોળ પાકોમાં કાલવ્રણ રોગના લક્ષણો પાન તેમજ શિંગો પર જોવા મળે છે. પાન તેમજ શિંગો પર રતાશ પડતા ઘેરા રંગના ગોળ ટપકાં પડે છે. રોગની તિવ્રતા વધતા તે ઘાટા કથ્થાઈ રંગમાં પરિવર્તન પામે છે આવા અસંખ્ય ટપકાં એકબીજા સાથે ભેગા થતા ધીમે ધીમે તે બીજને પણ નુકસાન કરે છે. તેના નિયંત્રણ માટે કાર્બેન્ડાઝીમ મેન્કોઝેબ અથવા તે મુજબ નો છંટકાવ કરવાથી કાલવ્રણ રોગનું નિયંત્રણ થાય છે


**શાકભાજી : તલછારો:**

● વેલાવાળા શાકભાજીના પાકોમાં તળછારા રોગને લીધે છોડની વૃધ્ધિ અટકી જાય છે. છોડમાં ફળ ઓછા બેસે અને કદમાં નાના રહે છે. ગુવાર, વાલ, વટાણામા વિકાસ બરાબર થતો નથી. તેના નિયંત્રણ માટે મેન્કોઝેબ ૭૫% વે. પા. ૨૭ ગ્રામ અથવા ક્લોરોથેલોનીલ ૭૫% વે. પા. ૨૫ ગ્રામ ૧૦ લીટર પાણીમા નાખી છંટકાવ કરવો

**ડુંગળી :**

● ડુંગળીમાં બાફીઓ રોગ (પોચો પડવો) જમીનમાં રહેલ કંદ પોચો પડી જાય, દુર્ગંધ મારે ત્યારે ત્રણ કારણો છે ૧. જીવાત જેવીકે થ્રીફસ ૨. બેક્ટેરીયલ રોગ ૩. નેમેટોડ ( કૃમિ) વાયર વોર્મ સફેદ રંગની ઈયળ કંદ જોવા મળે. શરૂઆતમાં નુકશાન થાય ત્યારે ચોમાસું ડુંગળીમાં ૧.૫ થી ૨. મહિના ની થાય ઉપરથી પાન વળી જલેબી આકાર નાં થાય, કંદ ૨ મહિનાના થાય ત્યારે ખેંચો તો કંદ પોચો અને દુર્ગંધ મારતો હોય છે. આવુ થવાનું કારણ ૧.વધુ પિયત આપવું,૨. નાઈટ્રોજનયુક્ત ખાતરો વધુ વાપરવા,૩. તાપમાનમાં ફેરફાર થવાનું કારણ ૪. વારંવાર એકજ પડામાં વાવેતર,

● આ માટે ધરુવાડીયામાં એરંડી અથવા લીમ્બોલીનો ખોળ પાયામાં આપવું.ખાતરીબંધ બિયારણ વાપરવું. EPN એન્ટોમોપોથેજેનિક નેમેટોડસ (EPN) નો ૧૫ થી ૨૦ દિવસનો રોપ થાય ત્યારે ૧ એકરમાં ૧ કિલો ડ્રેન્સિંગ અથવા ૩૦ દિવસે પમ્પમાં ૫૦ ગ્રામનો ઘાટો સ્પ્રે કરવો. જીવાત માટે શોષક પ્રકારની દવા ઈમીડાક્લોપ્રીડ તેમજ પ્રોફેનોફોસ, ફૂગ માટે હેક્ઝાકોનાઝોલ ૨૦ મિલી / પંપ અથવા કર્બાડીઝમ + મેન્કોજેબ ૩૫ ગ્રામનાં મિશ્રણની દવાનો ઉપયોગ કરવો. ઈયળ માટે કર્બાફ્યુરાન ૧ એકરમાં ૨.૫ કિલો પાયામાં આપવું, નેમેટોડ માટે પેસીલોમાયસિલ ૧ એકરમાં ૧ કિલો પાક ફેરબદલી વખતે આપવું. પાકની ફેરબદલી , ધોરિયામાં દેસી ગલગોટા નું વાવેતર કરવું






**ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.**
**ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨**

**બીડી તમાકુ :**

● વાવેતર બાદ ૧૬૦ થી ૧૮૦ દિવસે પાકી જાય છે. તેની કાપણી ત્રણ રીતે થાય છે.

● ૧) છૂટક પાન પાડીને : સારા બુટ્ટા વાળા પાકા પાન તોડી જમીન પર ૩ થી ૪ દિવસ ઉંધા સૂકવવા.

● ૨) ધુધરો પધ્ધતિ : પાકટ પાન છોડ પરથી સોરીને

● ૩) આખા છોડને કાપીને :પાકટ છોડને થડમાંથી દાતરડાથી કાપીને

● પીલા દર અઠવાડિયે કાઢતા રહેવા

**(બાગાયતીપાકો) અવરોહ મૃત્યુ:**

● આંબો અને લીંબુ જેવા ફળપાકોમાં આ રોગ પાકની કોઈપણ અવસ્થાએ જોવા મળે છે. અવરોહ મૃત્યુના રોગમાં આંબાના જૂના ઝાડની નાની ડાળીઓ ઉપરથી નીચેની તરફ સુકાતી જોવા મળે છે. રોગીસ્ટ ડાળીના તમામ પાન ખરી પડે છે. ઝાડ જાળથી દાજી ગયુ હોય તેવું દેખાય છે. નવી ડાળીઓમાં ઊભી તિરાડ જોવા મળે છે. તેમાંથી ગુંદર જેવો પદાથ બહાર નીકળી આવીને સુંકાઈ જાય છે. લીંબુના ૫ થી ૬ વિકના ઝાડમાં ટોચની કુમળી ડાળીઓ પ્રથમ સુકાવા લાગે છે જે ધીમે ધીમે નીચે તરફ પ્રસરે છે. સમય જતાં આખી ડાળી સંપૂણ પણે સુકાઈ જાય છે. અવરોહ મૃત્યુ રોગનો ફેલાવો અટકાવવા માટે આંબાની કલમ બનાવવા માટે રોગમુકત ડાળીઓની પસંદગી કરવી. આંબા, લીંબુ અને ગુલાબની રોગીષ્ટ ડાળીઓની છાંટણી (પ્રુશનાંગ) કર્યા બાદ કાપેલ ભાગ પર બોડોપેસ્ટ અથવા કોપર ઓકઝીકલોરાઈડમાંથી બનાવેલ પેસ્ટ લગાવવી. ડાળીઓ કાપ્યા બાદ બોડો મિશ્રણ (૧%) અથવા કોપર ઓકઝીકલોરાઈડ ૫૦% વે.પા. (૩૦ ગ્રામ / ૧૦ લિટર પાણી)નો છંટકાવ કરવો.

**કેળ :**

● તૈયાર લુમને ગરમી ન લાગે તે માટે પાનથી ઢાંકવી.

● કૃમિ નિયંત્રણ માટે ૨૦ થી ૨૫ ગ્રામ કાર્બાફ્યુરાન રોપણી વખતે અને રોપણી બાદ ૪ માસે આપવું.

**જામફળ:**

● બહારની માવજત : જુન માસમાં મૃગ બહારની માવજત લેવા માટે ફળો ઉતાર્યા બાદ ફેબ્રુઆરી થી મે માસ સુધી પાણી બંધ કરી આરામ આપવો. ત્યારબાદ ગોડ કરી ભલામણ પ્રમાણે ખાતરો આપવા.

પપૈયા ચાલુ વાવેતરમાં જરૂરીયાત મુજબ ૪ થી ૫ દિવસે ડબલરીંગ કરી પાણી આપવું.

**સફેદ માખી :**

(પરિચય) સફેદ માખી ખૂબ નાની (૧–૨ mm) ઉડતી જીવાત છે. આ જીવાતના શરીર પર સફેદ મોમ જેવી પાવડર આવરી લેતી હોય છે. પાનની નીચેની બાજુએ ઈંડા મૂકે છે અને ત્યાંથી નાના પોપટિયા (nymphs) બહાર આવે છે. વધુ તાપમાન અને ભેજવાળા વિસ્તારોમાં આ જીવાત ઝડપથી ફેલાય છે. તેની પ્રજનન ક્ષમતા ખૂબ વધારે હોવાથી ઝડપી ફેલાવો થાય છે.

**નુકસાનના લક્ષણો:**

૧. પાન ચીપચીપાં બનવા લાગે છે — માખી મધરસ (honeydl) છોડે છે.

૨. આ મધરસ પર કાળી ફૂગ (sooty mold) ઉગે છે, જે પાનને કાળો બનાવી ફોટોસિન્થેસિસ ઘટાડે છે.

૩. ફળની ગુણવત્તા ઘટે છે અને વૃદ્ધિ ધીમી પડે છે.

૪. ગંભીર ઉપદ્રવમાં પાન સુકાઈ જાય છે અને આખું વૃક્ષ નબળું પડે છે.

**જીવાતના ફેલાવાનું કારણ:** ઉષ્ણ અને ભેજવાળું વાતાવરણ, અતિરીક્ત ખાતર વપરાશ (ખાસ કરીને નાઈટ્રોજન), પાનની છટણીનો અભાવ, પ્રાકૃતિક શત્રુઓનો અભાવ

**નિયંત્રણ ઉપાયો:**

૧. સંયુક્ત જીવાત વ્યવસ્થાપન (IPM) બગીચામાં પવન ચાલે તેવો ખુલ્લો માહોલ રાખો. પીળા ચિપક પાંજરા (Yellow sticky traps) લગાવો સફેદ માખી આકર્ષવા માટે.

૨. જૈવિક નિયંત્રણ Encarsia guadeloupae (પરજીવી વાંદરો) છોડવો – આ સફેદ માખીના ઈંડામાં પરજીવી રૂપે રહી તેને નષ્ટ કરે છે.

Chrysoperla carnea (લેસવિંગ) તથા ladybird beetle પણ ઉપયોગી છે.


૩. રસાયણિક નિયંત્રણ (જરૂરી થાય ત્યારે જ) સ્પ્રે કરતા પહેલા હંમેશા સ્થાનિક કૃષિ અધિકારીની સલાહ લેવી. Pyriproxifane 10%+Bifenthrine ૧૦% Neem આધારિત બાયો-પેસ્ટિસાઈડ (Azadirachtin ૧૫૦૦ ppm અથવા ૩૦૦૦ ppm) – ૫૦૦ મિલી /૧૦૦૦ લીટર પાણી આ સ્પ્રે પાનની નીચેની બાજુએ ખાસ ધ્યાનથી છાંટવો. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢના દ્વારા વિકસિત કરાયેલા બે મહત્વપૂર્ણ બાયોપેસ્ટિસાઈડ્સ – ગીર સાવજ બ્યુવેરીયા અને ગીર સાવજ ટ્રાઈકોડર્માના પુનઃપ્રારંભની જાહેરાત કરવામાં આવી છે. ગીર સાવજ બ્યુવેરીયા પાકોમાં જોવા મળતા ચુસીયા અને ઈયળ પ્રકારની જીવાતો સામે અસરકારક છે. તેનું વેચાણ કીટકશાસ્ત્ર વિભાગ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે ઉપલબ્ધ છે.

# કેરીમાંથી બનતા મૂલ્યવર્ધિત ઉત્પાદનો

ઉનાળાનું મુખ્ય ફળ અને ફળોનો રાજા એટલે કેરી. કેરીનું મૂળ વતન ઉત્તર-પૂર્વ ભારત અને ઉત્તર ભારતના હિમાલયના પહાડી પ્રદેશો હોવાનું મનાય છે. કેરીનું પોષણ, મૂલ્ય, સ્વાદ, આકર્ષક રંગ, દેખાવ અને વિવિધ ઉપયોગો તથા તેની લોક ભાગ્યતાની દષ્ટિએ તે વિશ્વમાં ઉત્પન્ન થતા ફળોમાં બિનહરીફ છે તેથી જ કેરીને ફળોના રાજાનું બિરૂદ મળેલ છે તેમજ તેને રાષ્ટ્રીય ફળ પણ કહેવામાં આવે છે. ભારત વિશ્વનો સૌથી વધારે કેરી પકવતો દેશ છે. ભારતમા આંધ્રપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર, કર્ણાટક ,મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ અને ગુજરાત મુખ્ય કેરી પકાવતા રાજય છે.

કાચી કેરી તેમજ પાકી કેરીનો ઉપયોગ વિવિધ બનાવટો દવારા થાય છે. પોષણ મૂલ્યની દષ્ટિએ જોઈએ તો પાકી કેરીમાં ૮૬.૧% પાણી ૦.૬% પ્રોટીન ૦.૧% ફેટ (ચરબી), ૦.૩% મીનરલ્સ, ૧.૧% ફાઈબર, ૧૧.૮% કાર્બોદિતપદાર્થો રહેલા છે. ૧૦૦ ગ્રામ પાકી કેરીમાંથી ૬૦ કિલો કેલેરી મળે છે. તેમજ કાચી કેરીમાં ૯૦% પાણી, ૦.૭% પ્રોટીન, ૦.૧% ફેટ, ૦.૪% મીનરલ્સ, ૮.૮% કાર્બોદિત પદાર્થો રહેલા છે. ૧૦૦ ગ્રામ કાચી કેરી માંથી ૩૯ કિલો કેલરી મળે છે. કેરી ખુબજ પૌષ્ટિક ફળ છે.

## કેરીમાંથી બનતી બનાવટો



### કેરીનો જામ:

- પાકી કેરીનો માવો: ૧ કીલો ગ્રામ
- ખાંડ: ૭૫૦ ગ્રામ
- સાઈટ્રીક એસિડ( લીંબુના ફૂલ ): ૫ ગ્રામ
- પોટેશિયમ મેટાબાય સલ્ફાઈટ: ૧ ગ્રામ

રીત : સારી જાતની પાકી કેરી લઈ તેને સ્વચ્છ પાણીથી ધોઈ છોલી ટુકડા કરી મિકસરમાં રસ કાઢો. તેને સ્ટીલની એક તપેલીમાં લઈ તેમાં ખાંડ ઉમેરી ગેસ પર મૂકી હલાવતા રહો, ખાંડ ઓગળી જાય એટલે તેમાં સાઈટ્રીક એસિડ ઉમેરો અને સતત હલાવતા રહો ઘટ્ટ થાય એટલે નીચે ઉતારી ઠંડુ પડે ત્યારે પોટેશિયમ મેટાબાય સલ્ફાઈટ ઉમેરી કાચની સ્વચ્છ બરણીમાં ભરી લો.

### કાચી કેરીનું શરબત:



- કાચી કેરી : ૧ કિલો ગ્રામ
- ખાંડ : ૧.૫ કિલો ગ્રામ
- પાણી : ૧ લીટર ગ્રામ
- લીંબુના ફુલ : ૮ ગ્રામ
- એપલ ગ્રીન કલર : ૧ ગ્રામ
- પોટેશિયમ મેટાબાય સલ્ફાઈટ: ૧ ગ્રામ

રીત : કાચી કેરીને ધોઈ, છાલ છોલી નાના નાના ટુકડા કરવા ટુકડાને મિકસરના જારમાં નાખી થોડુ પાણી ઉમેરી બારીક વાટવું. ત્યારબાદ ઝીણા કપડાથી દબાવી નીચોવી રસ કાઢવો. સ્ટીલની તપેલીમાં ખાંડ ઉમેરી તેમાં લીંબુના ફુલ ઉમેરી ખાંડ ડુબે તેટલુ પાણી રેડી ગરમ કરવા માટે મૂકવું. ખાંડ ઓગળે ત્યાં સુધી હલાવવુ, ફીણ વળે, ઉકળે એટલે ચાસણી ને ગેસ પરથી નીચે ઉતારી સ્વચ્છ કપડાથી ગાળી લેવી. ચાસણી ઠંડી પડે એટલે તેમાં કેરીનો રસ ઉમેરી હલાવવું. ત્યારબાદ એપલગ્રીન કલર સહેજ પાણીમાં ઓગાળી ઉમેરવું અને પોટેશિયમ મેટાબાય સલ્ફાઈટ સંગ્રાહક તરીકે નાખવો અને સ્ટરીલાઈઝ કરેલ બોટલમાં ભરી બોટલને હવા ચુસ્ત બંધ કરવી.



**શ્રીમતી બબીતા રામનિવાસ**
**વિષય નિષ્ણાંત (ગૃહ વિજ્ઞાન)**
**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મહેસાણા**
**મો. ૯૧૫૭૬૯૫૫૭૩**



### કેરીની ચટણી :

- કેરી : ૧ કીલો ગ્રામ
- ખાંડ : ૫૦૦ ગ્રામ
- મીઠુ : ૫૦ ગ્રામ
- લાલ મરચું પાવડર : ૧૦ ગ્રામ
- ડુંગળી: ૫૦ ગ્રામ
- લસણ : ૧૦ ગ્રામ
- આદુ : ૫૦ ગ્રામ
- જીરૂ : ૫ ગ્રામ
- ખારેક: ૫૦ ગ્રામ
- ગરમ મસાલો: ૧૦ ગ્રામ

રીત : અર્ધ પાકી-કાચી કેરીને છોલી, ટુકડા કરી મીકસરમાં નાખી ક્રશ કરી માવો તૈયાર કરો. લસણ, ડુંગળી, આદુને મીકસર માં ક્રશ કરીને તેનો પણ માવો તૈયાર કરો. કેરીનાં માવામાં ખાંડ નાખીને ગેસ પર ગરમ કરવા મુકવો. તેમાં આદુ, લસણ, ડુંગળીનો માવો ઉમેરી હલાવતા રહો, તેમાં ગરમ મસાલો નાખી બરાબર મિકસ કરી ચટણી તૈયાર થઈ જાય એટલે ગેસ પરથી ઉતારી ઠંડી પડવા દેવી અને ઉપયોગમાં લેવી.

### મેંગો સ્કવોશ :



- પાકી કેરીનો રસ: ૧ લીટર
- પાણી : ૧ લીટર
- ખાંડ : ૨ કિલો ગ્રામ
- સાઈટ્રીક એસિડ( લીંબુના ફૂલ ): ૨૫ ગ્રામ
- પોટેશિયમ મેટાબાય સલ્ફાઈટ : ૧ ગ્રામ
- લેમન યેલ્લો કલર: ૫ ગ્રામ

રીત : પાકી કેરીને ધોઈ, છોલી અને મિકસરમાં રસ કાઢો, સ્ટીલની તપેલીમાં ખાંડ ઉમેરી તેમાં લીંબુના ફુલ ઉમેરી ખાંડ ડુબે તેટલું પાણી રેડી ગરમ કરવા માટે મૂકવું. ખાંડ ઓગળે ત્યાં સુધી હલાવવુ, ફીણ વળે, ઉકળે એટલે ચાસણીને ગેસ પરથી નીચે ઉતારી સ્વચ્છ કપડાથી ગાળી લેવી. ચાસણી ઠંડી પડે એટલે તેમાં કેરીનો રસ ઉમેરી મિકસ કરો. ત્યારબાદ લેમન યલ્લો કલર સહેજ પાણીમાં ઓગાળી ઉમેરવો, સંગ્રાહક તરીકે પોટેશિયમ મેટાબાય સલ્ફાઈટ નાખવો અને સ્ટરીલાઈઝ કેરલ બોટલમાં ભરી બોટલને હવા ચુસ્ત બંધ કરવી.સલ્ફાઈટ ઉમેરી કાચની સ્વચ્છ બરણીમાં ભરી લો.

### કેરી-ગુંદાનું અથાણું:



● ગુંદા: ૧ કિલો ગ્રામ ● કાચીકેરી : ૨૫૦ ગ્રામ ● મીઠું : ૧૨૫ ગ્રામ ● મેથીના કુરીયા : ૫૦ ગ્રામ ● રાઈના કુરીયા: ૨૫ ગ્રામ ● વરીયાળી: ૨૦ ગ્રામ

● હીંગ : ૧૦ ગ્રામ ● લાલ મર ચું: ૩૦ ગ્રામ ● મરી : ૫ ગ્રામ ● સરસીયું: ૩૦૦ ગ્રામ ● હળદર: ૫ ગ્રામ ● એસીટીક એસિડ: ૧૦મિલી( ૨ ચમચી )

રીત: ગુંદાને સાફ કરી બીજ કાઢી લેવા. કાચી કેરી લઈ સ્વચ્છ પાણીથી ધોઈ. છોલી સ્ટીલની છીણીથી છીણી તેમાં સરસીયા સિવાયનો તમામ મસાલો મિશ્ર કરી કેરીના છીણ સાથે ભેળવી દેવો. ત્યારબાદ ગુંદામાં બીજની ખાલી પડેલ જગ્યામાં છીણવાળો મસાલો બરાબર દબાવી ભરી દેવો. બરણીમાં ગુંદા ડુબે તેટલું તેલ (સરસીયું ગરમ કરીને ઠંડુ પાડવુ) ઉમેરી એસીટીક એસિડ રેડી બરણીને બંધ કરવી. ૧૫ દિવસ બાદ ખાવાના ઉપયોગમાં લેવું.

# ૧૨ દિવસમાં ૨ લાખ ભાવિકોએ કરી મા નર્મદા પંચકોશી ઉત્તરવાહિની પરિક્રમા

નર્મદા, તા.૨૯



નર્મદામાં પંચકોશી ઉત્તરવાહિની પરિક્રમાનો ૧૯ માર્ચથી પ્રારંભ થયો છે અને માત્ર ૧૨ દિવસમાં જ ૨ લાખ જેટલા શ્રધ્ધાળુઓએ આ પવિત્ર પરિક્રમા પૂર્ણ કરી છે. રામપુરાના કીડી મકોડી ઘાટથી શરૂ થતી આ પરિક્રમાનું પુરાણોમાં વિશેષ મહત્વ છે. ગંગામાં સ્નાન અને યમુનાના આચમન જેટલું જ પુણ્ય નર્મદા નદીના માત્ર દર્શનથી મળે છે તેવી લોકવાયકા છે. સ્કંદ પુરાણ અનુસાર, સર્વપ્રથમ માર્કેન્ડેય ઋષિએ આ પરિક્રમા કરી હતી અને તેનાથી ૨૧ જન્મોના પાપ ધોવાઈ જાય છે. ચૈત્ર માસમાં યોજાતી આ ૧ દિવસીય પરિક્રમા માટે દેશભરમાંથી શ્રધ્ધાળુઓ ગરુડેશ્વરના પવિત્ર તટે આવી પહોંચે છે. હાલમાં ઉનાળાની આકરી ગરમીને ધ્યાનમાં રાખીને તંત્ર અને તિલકવાડાના સ્થાનિકો દ્વારા ભાવિકો માટે આરામ કરવાના ડોમ, આરોગ્ય સેવા, લીંબુ શરબત અને ઠંડા પાણીની ઉત્તમ સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. આ ઉપરાંત જય ભોલે ગ્રુપ દ્વારા ભક્તો માટે નાસ્તા અને જમવાની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. પરિક્રમાવાસીઓ 'નર્મદે હર'ના નારા લગાવીને પરમ શાંતિની અનુભૂતિ કરી રહ્યા છે.

# ખેડા નજીક હાઈવે પર આઈશર ટ્રકે બાઈકને અડફેટે લેતા પિતા અને બે પુત્રોના કરુણ મોત

ખેડા, તા.૨૯



ખેડા નજીક નેશનલ હાઈવે નંબર ૪૮ પર આવેલા વડાલા પાટીયા કટ પાસે રવિવારે સવારે એક કાળમુખી આઈશર ટ્રકે મોટરસાયકલને જોરદાર ટક્કર મારતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ કમકમાટીભરી દુર્ઘટનામાં અમદાવાદના વાસણા વિસ્તારમાં રહેતા અને લીંબાસી કાપડની પેઢીએ જઈ રહેલા નવલભાઈ મણિભાઈ શાહ અને તેમના બે આશાસ્પદ પુત્રો જયકુમાર તેમજ જીનેશકુમારના કરુણ મોત નીપજ્યા છે. બેફામ ગતિએ આવી રહેલી ટ્રકના ચાલકે ગફલતભરી રીતે વાહન હંકારી બાઈકને અડફેટે લીધી હતી, જેમાં એક પુત્રનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે પિતા અને અન્ય પુત્રએ સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. એક જ પરિવારના ત્રણ સભ્યોના અકાળે અવસાનથી સમગ્ર પંથક સહિત વાસણામાં ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ છે. સ્થાનિક લોકોમાં તંત્ર સામે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે, કારણ કે આ હાઈવે કટ વાહનચાલકો માટે જોખમી 'ડેથ ઝોન' સાબિત થઈ રહ્યો છે. ખેડા ટાઉન પોલીસે ટ્રક ચાલક વિરુધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# પૂર્વ દબંગ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવના પુત્રી અને જમાઈ કોંગ્રેસમાં જોડાયા

વડોદરા, તા. ૨૯

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલાં વડોદરાના રાજકારણમાં મોટો ગરમાવો આવ્યો છે. વાઘોડિયાના પૂર્વ દબંગ ભાજપ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવના પુત્રી નીલમ શ્રીવાસ્તવ અને તેમના પતિ ધનંજય નિગમ સત્તાવાર રીતે કોંગ્રેસમાં જોડાયા છે. કોંગ્રેસ નેતા અમિત ચાવડાએ તેમને ખેસ પહેરાવી પક્ષમાં આવકાર્યા હતા. નોંધનીય છે કે, વર્ષ ૨૦૨૨માં ભાજપે ટિકિટ કાપતાં મધુ શ્રીવાસ્તવે પક્ષથી છેડો ફાડ્યો હતો. નીલમ શ્રીવાસ્તવે પણ અગાઉ ટિકિટ માંગી હતી પરંતુ પક્ષે તેમની અવગણના કરી હતી. હવે તેમના કોંગ્રેસમાં જોડાવાથી વડોદરાના રાજકીય સમીકરણો બદલાશે. અમિત ચાવડાએ નિલમ શ્રીવાસ્તવને કોંગ્રેસમાં આવકારતા કહ્યું કે, ભાજપના શાસનથી ત્રસ્ત અનેક લોકો કોંગ્રેસમાં જોડાયા છે. કમિશન કમલમ અને કૌભાંડની સત્તાથી મુક્તિ માટે લોકો કોંગ્રેસ તરફ વળ્યા છે.

# દ્વારકાના રાણા રોજીવાડા ગામે પાંચ બહેનોનો એકનો એક ભાઈ સહિત બે બાળકો તળાવમાં ડૂબ્યા

દ્વારકા, તા. ૨૯




ભાણવડ નજીક આવેલા રાણા રોજીવાડા ગામે શનિવારે સ્કૂલેથી છૂટ્યા બાદ નેસડા તળાવમાં નાહવા પડેલા બે માસૂમ વિદ્યાર્થીઓના ડૂબી જવાથી કરુણ મોત નીપજ્યા છે. આ દુર્ઘટનામાં ૧૧ વર્ષીય નિખિલ ટોરીયા અને ૧૨ વર્ષીય સુમિત સોલંકી નામના બે બાળકોના મોત થયા છે. બંને મિત્રો શનિવારે બપોરે શાળાએથી છૂટીને ઘરે જઈ રહ્યા હતા. ઉનાળાની ગરમી હોવાથી રસ્તામાં આવતા નેસડા તળાવમાં બંને બાળકોને નાહવાનો વિચાર આવ્યો હતો. નાહતાં-નાહતાં બંને બાળકો અચાનક ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. બાળકો ડૂબી રહ્યા હોવાની જાણ થતાં જ આસપાસના લોકો દોડી આવ્યા હતા. સ્થાનિક તરવૈયાઓની મદદથી બંનેના મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા. મૃતક સુમિત સોલંકી તેના પરિવારમાં પાંચ બહેનો વચ્ચે એકનો એક લાડકવાયો ભાઈ હતો. એકનો એક ભાઈ છીનવાઈ જતાં પરિવાર પર આભ તૂટી પડ્યું છે. પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગરમાં આપ નેતા હસમુખ પટેલે મહિલા કર્મચારીનું અપહરણ કરી માર માર્યા

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ હસમુખ પટેલ સામે ગંભીર ગુનો નોંધાતા રાજકીય આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે. હસમુખ પટેલની પોતાની જ કંપનીમાં ઓડિટ અને હિસાબોનું કામ સંભાળતી એક મહિલા કર્મચારીએ તેમના વિરુધ્ધ અપહરણ અને શારીરિક હુમલાની ગંભીર ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદ મુજબ, છેલ્લા કેટલાક સમયથી કંપનીના હિસાબો બાબતે બંને વચ્ચે ઉગ્ર મનદુઃખ ચાલી રહ્યું હતું. આ વિવાદ વકરતાં હસમુખ પટેલે પોતાના ભાઈ હિમાંશુ પટેલ અને અન્ય બે મહિલાઓ સાથે મળીને મહિલા કર્મચારીનું અપહરણ કરી તેને માર માર્યો હોવાનો આરોપ છે. ગાંધીનગર પોલીસે આ હાઈપ્રોફાઈલ નેતા સહિત તમામ આરોપીઓ સામે ગુનો દાખલ કરી ત્વરિત કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે હસમુખ પટેલની ધરપકડ કરીને આગળની સઘન પૂછપરછ શરૂ કરી છે અને અન્ય સહ-આરોપીઓની શોધખોળ તેજ બનાવી છે.

# ગોંડલ માર્કેટિંગ યાર્ડ ખાતે કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવીયાના હસ્તે એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરાયું

ગોંડલ,તા.૨૯




ગોંડલ માર્કેટિંગ યાર્ડ ખાતે કેન્દ્રીય મંત્રી અને પોરબંદર સાંસદ ડો. મનસુખભાઈ માંડવીયાના હસ્તે એમ્બ્યુલન્સ લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયા જણાવ્યું હતું કે ગોંડલ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં થતા રોડ અકસ્માત તેમજ ખાસ કરી રાજકોટ-જેતપુર નેશનલ હાઈવે પર ચાલી રહેલ સિક્સ લેઈનની કામગીરીને લઈને અનેક અકસ્માતો થતા હોય છે જેને ધ્યાનમાં રાખી મનસુખભાઈ માંડવિયાએ ગોંડલ શહેર અને તાલુકાના દર્દીઓ તેમજ અકસ્માતમાં ભોગ બનેલા લોકોને હોસ્પિટલમાં ઝડપી સારવાર મળી રહે તેને લઈને તેમની ગ્રાન્ટ માંથી એક એમ્બ્યુલન્સ અર્પણ કરવામાં આવી હતી. આ તકે યાર્ડના વા. ચેરમેન ધર્મેન્દ્રસિંહ જાડેજા, યાર્ડના ડિરેક્ટરો, શહેર ભાજપ પ્રમુખ સમીરભાઈ કોટડીયા, તાલુકા ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ ઠુંમર સહિત રાજકીય તેમજ સામાજિક સંસ્થાના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# સોલાર પેનલના નામે લાખોની છેતરપિંડી આચરતી 'ઈન્ટીફાય સોલાર' ગેંગનો પર્દાફાશ : ૫ આરોપીઓ પોલીસ સકંજામાં

ગોંડલ,તા.૨૯



સૌરાષ્ટ્રમાં સોલાર પેનલ લગાડવાના બહાને નિર્દોષ નાગરિકોને નિશાન બનાવતી 'ઈન્ટીફાય સોલાર પ્રાઈવેટ લિમિટેડ' કંપનીની એક મોટી ગેંગનો પર્દાફાશ થયો છે. ગોંડલના જેતપુર રોડ પર રહેતા હસમુખભાઈ નારણભાઈ કોટડીયા સાથે સોલાર પેનલના નામે રૂ.૧.૬૬ લાખની છેતરપિંડી આચરનાર ગેંગના પાંચ સાગરીતોનો ગોંડલ બી-ડિવિઝન પોલીસે જેલમાંથી કબજો મેળવી તપાસ હાથ ધરી છે. આ છેતરપિંડીની વિગત મુજબ, ફરિયાદીએ ફેસબુક પર સસ્તા દરે સોલાર પેનલ આપવાની આકર્ષક જાહેરાત જોઈ સંપર્ક કર્યો હતો. મુસ્કાન પટેલ નામની મહિલા અને તેના સાગરીતોએ ફરિયાદીને વિશ્વાસમાં લઈ ૩.૫ કિલો વોટની સોલાર પેનલ માટે લોન અને રોકડ મળી કુલ રૂ.૧,૬૬,૪૬૫ કંપનીના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. મહિનાઓ સુધી પેનલ ન લાગતા હસમુખભાઈએ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે થયેલી તપાસમાં આ ગેંગનું મોટું નેટવર્ક બહાર આવ્યું છે.

# PSI ભરતી પરીક્ષા: કોલલેટર ૧૩ એપ્રિલે, ૧૯ એપ્રિલે લેખિત પરીક્ષા

અમદાવાદ,તા.૨૯

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા **PSI** (પોલીસ સબ ઈન્સ્પેક્ટર) કેડરની ભરતી માટે મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. બોર્ડના જણાવ્યા મુજબ પેપર-૧ અને પેપર-૨ની લેખિત પરીક્ષા ૧૯ એપ્રિલ, ૨૦૨૬ના રોજ યોજાશે. ઉમેદવારો માટે કોલલેટર ૧૩ એપ્રિલ, ૨૦૨૬ના રોજ બપોરે ૨ વાગ્યાથી સત્તાવાર વેબસાઈટ **ojas.gujarat.gov.in** પરથી ડાઉનલોડ માટે ઉપલબ્ધ રહેશે. ઉમેદવારોને સમયસર કોલલેટર ડાઉનલોડ કરવાની અને તેમાં દર્શાવેલ તમામ સૂચનાઓનું પાલન કરવાની સલાહ આપવામાં આવી છે. કોલલેટર વગર પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ આપવામાં આવશે નહીં. ઉમેદવારોને પરીક્ષા પહેલા પોતાનું કેન્દ્ર, સમય અને જરૂરી દસ્તાવેજોની ચકાસણી કરી લેવાની સૂચના આપવામાં આવી છે. ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા જળવાઈ રહે તે માટે તમામ માહિતી ઓનલાઈન ઉપલબ્ધ કરવામાં આવી છે. બોર્ડે ઉમેદવારોને અફવાઓથી દૂર રહી સત્તાવાર માહિતી પર જ વિશ્વાસ રાખવા અપીલ કરી છે.

# કોડીનારમાં રામનવમીની શોભાયાત્રામાં કોડીનાર સિંધી દાંડિયાથી ઝૂમી ઊઠ્યું

કોડીનાર, તા.૨૯


તસવીર : ધર્મેશ પાઠક

કોડીનારમાં રામનવમીના પાવન પર્વમાં સર્વે સમાજ તેમજ ધર્મ પ્રેમી જનતા એ ઉત્સાહ પૂર્વક ભાગ લઈ આ રાષ્ટ્રીય પર્વને ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવ્યો હતો. તેમાં પણ સિંધી સમાજની ઓળખ અને સંસ્કૃતિ રૂપ છેજ એટલે કે સિંધી દાંડિયાએ એક અનેરો અને ઉત્સાહી માહોલ બનાવ્યો હતો. સિંધી યુવા ટીમે પોતાની સંસ્કૃતિ અને વારસાથી સર્વેને પરિચિત કર્યા હતા.

# ધોરાજીમાં કોળી યુવાન પર થયેલ ખૂની હુમલાની ઘટના હત્યામાં ફેરવાઈ

ધોરાજી,તા.૨૯



ધોરાજીમાં આઈટીઆઈ (ITI) સામે સર્વિસ રોડ પર નાણાંની ઉઘરાણી બાબતે હિમાલય બારૈયા નામના કોળી યુવક પર કુહાડીના ઘા મારી જીવલેણ હુમલો કરાયો હતો. સારવાર દરમિયાન તેનું મોત નીપજતાં આ બનાવ હત્યામાં ફેરવાયો છે.

આ ઘટનાના વિરોધમાં કોળી સમાજે ધોરાજીમાં રેલી કાઢી આવેદનપત્ર આપ્યું હતું. પોલીસે બંને મુખ્ય આરોપીઓ વિરુધ્ધ હત્યાનો ગુનો નોંધી તેમની અટકાયત કરી છે.

# કોડીનાર પોલીસે રૂ. ૨૧ હજારનું ભેળસેળયુક્ત ઘી ઝડપ્યું: ઉનાના વેપારી સહિત બે સામે તપાસનો ધમધમાટ


કોડીનાર, તા.૨૯



ગીર સોમનાથ જિલ્લામાં લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા તત્વો વિરુધ્ધ પોલીસ ઝુંબેશ અંતર્ગત કોડીનાર પોલીસે બાતમીના આધારે ૨૧,૦૦૦ની કિંમતનું ભેળસેળયુક્ત ઘી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગઈકાલે પોલીસ સ્ટાફને બાતમી મળી હતી કે, ઉનાથી કોડીનાર તરફ આવતી એક બોલેરો પીકઅપમાં ટ્રાન્સપોર્ટના સામાનની આડમાં શંકાસ્પદ ઘીનો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે. પોલીસે **GJ-11-Z-3050** નંબરની બોલેરો ગાડી અટકાવી તપાસ કરતા તેમાંથી ૧૫ કિલોના ૦૭ નંગ ઘીના ડબ્બા મળી આવ્યા હતા. આ જથ્થો શંકાસ્પદ જણાતા તુરંત ફૂડ સેફ્ટી ઓફિસરને સ્થળ પર બોલાવ્યા હતા. ફૂડ ઓફિસર દ્વારા તપાસ બાદ અંદાજે ૧૦૫ કિલોગ્રામ (કિંમત રૂ. ૨૧,૦૦૦/-) બિનઆરોગ્યપ્રદ ઘીના નમૂના લઈ જથ્થો જપ્ત કર્યો હતો.

# ઉનાના મોટાડેસર ગામે પોલીસે મકાનની ટાઈલ્સ ઉંચી કરતાં જ ૨૮,૭૫૦નો દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો

ઉના, તા. ૨૯



ઉના તાલુકાના મોટાડેસર ગામના ખરાવાડી વિસ્તારમાં પોલીસે એક રહેણાંક મકાનમાંથી રૂ. ૨૮,૭૫૦નો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો છે. આ દારૂ મકાનમાં બનાવેલા ગુપ્ત ચોરખાનામાંથી મળી આવ્યો હતો, અને પોલીસે એક શખ્સની ધરપકડ કરી છે. જૂનાગઢ રેન્જની ટીમે ડી.આઈ.જી.પી.ની સૂચના મુજબ પ્રોહિબિશન અને જુગાર સંબંધિત પેટ્રોલિંગ દરમિયાન આ કાર્યવાહી કરી હતી. આ ટીમમાં પો.હેડ કો. જગદીશભાઈ રામસિંહભાઈ બાંભણીયા, પોલીસ કોન્સ્ટેબલ રાહુલભાઈ નારણભાઈ છેલાણા અને પોલીસ હેડ કોન્સ્ટેબલ કનકસિંહ નાનુભા કાગડા સહિતના અધિકારીઓ સામેલ હતા.

પોલીસને બાતમી મળી હતી કે ધીરુભાઈ ભીખાભાઈ ભાંભણીયાના કબજા હેઠળના મકાનમાં સીડી નીચે બનાવેલા ચોરખાનામાં ઈંગ્લિશ દારૂનો જથ્થો રાખી છૂટક વેચાણ કરવામાં આવે છે. આ બાતમીના આધારે, પોલીસે મકાનમાં હાજર અશ્વીનભાઈ ધીરુભાઈ ભાંભણીયાની પૂછપરછ કરી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન સીડી નીચેના ચોરખાનામાંથી વિવિધ બ્રાન્ડની ૧૫૩ બોટલ વિદેશી દારૂ અને ૧૦ બિયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે કુલ રૂ. ૨૮,૭૫૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ગોંડલમાં કૂવામાં પડેલી નીલગાયને વન વિભાગ દ્વારા બચાવાઈ

ગોંડલ,તા.૨૯


તસવીર : ભોજાણી દેવાંગ

ગોંડલ પંથકમાં વન્યજીવ પ્રત્યેની સંવેદના અને સાહસનો એક અનોખો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ગોંડલ વન વિભાગ અને સ્થાનિક સેવાભાવી યુવાનોના સંયુક્ત પ્રયાસોથી કૂવામાં ખાબકેલી એક નીલગાય (રોજ)ને સતત ૬ કલાકની જહેમત બાદ જીવતદાન મળ્યું છે. ગોંડલ ફોરેસ્ટ રેન્જ હેઠળની રમેશભાઈ પરસોત્તમભાઈ ચોવટિયાની વાડીમાં આ ઘટના બની હતી. રાત્રિના સમયે વિચરણ કરી રહેલી એક નીલગાય અચાનક ખુલ્લા કૂવામાં પડી ગઈ હતી.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



# વિકસિત ભારત
# વિકસિત ગુજરાત





## સેમિકંડક્ટર મિશન



- **ધોલેરા** અને **સાણંદ** ખાતે વિકસી રહેલા સેમિકોન હબથી **Chip** ઉત્પાદન ક્ષેત્રે **વિશ્વના નકશામાં ગુજરાત**ને મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત થયું
- ગુજરાત **સેમિકંડક્ટર પૉલિસી** હેઠળ **₹1100 કરોડ**ની જોગવાઇ
- ધોલેરા **Special Investment Region**ને પાણીનો પ્રવાહ અવિરત મળી રહે તે માટે નવીન **100 એમ.એલ.ડી બલ્ક પાઇપલાઇન નેટવર્ક** સ્થપાશે
- ધોલેરા ભવિષ્યના ઉદ્યોગ, નવીનતા અને રોજગારનું વૈશ્વિક કેન્દ્ર બને તે માટે બજેટમાં **વિકસિત ગુજરાત** ફંડ સહિત કુલ **₹610 કરોડ**ની જોગવાઇ

## શહેરી વિકાસ



- અમદાવાદ બનશે **'ઑલિમ્પિક રેડી સિટી'**
- અમદાવાદ અને સુરતના સેટેલાઈટ ટાઉનને જોડતી **રિજનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ** શરૂ કરાશે
- **"ગુજરાત વાયર-ફ્રી સિટી મિશન"** હેઠળ શહેરોમાં હયાત **ઓવરહેડ વીજ લાઇનોને અંડરગ્રાઉન્ડ કેબલ**માં રુપાંતરિત કરાશે
- **પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) 2.0** હેઠળ શહેરી ગરીબોને આવાસ સુવિધા પૂરી પાડવા બજેટમાં **₹1420 કરોડ**ની જોગવાઇ
- ગાંધીનગર ખાતે **નમો સેન્ટ્રલ લાઇબ્રેરી** બનશે
- દરેક મહાનગરપાલિકામાં **સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ** અને **ફ્લાયઓવર નીચે સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર**નો વિકાસ થશે

## ગ્રામીણ વિકાસ



- **VB-G RAM G યોજના** હેઠળ **કામના દિવસો 100થી વધારી 125 કરતાં** રોજગારી વધશે
- **સ્વ-સહાય જૂથોની બહેનો**ને ઉત્પાદનોના વેચાણ માટે કાયમી સ્થળ મળી રહે માટે **ગ્રામ હાટ**ની સ્થાપના કરવામાં આવશે
- **પ્રધાનમંત્રી આવાસ યોજના** થકી ગ્રામીણ વિસ્તારમાં આશરે **1 લાખ 60 હજારથી વધુ આવાસો**નું આ વર્ષે નિર્માણ થશે

"સ્માર્ટ સિટીથી લઈને સમૃદ્ધ ગામડાઓ અને હવે વૈશ્વિક સેમિકંડક્ટર હબ સુધી, ગુજરાતનો વિકાસ અવિરત છે. શહેરી માળખાકીય સુવિધાઓ, ગ્રામીણ રોજગારી અને અત્યાધુનિક ટકનોલૉજીના ત્રિવેણી સંગમ થકી અમે **આત્મનિર્ભર** અને **વિકસિત ગુજરાત**નું નિર્માણ કરી રહ્યા છીએ."

**- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત